આજનો સુવિચાર

જયાં ધર્મ અને કર્મ બંનેનો સંયોગ હોય ત્યાં જીત નિશ્ચિત હોય છે

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2020)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૬ અંક : ૧૨૭ જૂનાગઢ તા.૧૪-૦૫-૨૦૨૨ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)


## ઘઉંની નિકાસ ઉપર તાત્કાલીક અસરથી પ્રતિબંધ

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી,તા. ૧૪

દેશમાં સતત વધતી જતી મોંઘવારીઅને ફુગાવાની પરિસ્થિતિ પણ આગામી સમયમાં વધુ વકરશે તેવા સંકેત સાથે હવે કેન્દ્ર સરકારે ઘઉંની નિકાસ ઉપર સંપૂર્ણપણે પ્રતિબંધ મુકી દીધો છે જેના કારણે થોડોસમયમાં દેશમાં ઘઉંના ભાવમાં ઘટાડો જોવા મળશે.

સરકારે ઘઉંની નિકાસને પ્રોહીબીટેડ કેટેગરીમાં મુકી છે અને હાલ જે નિકાસ માટે લેટર ઓફ ક્રેડીટ ઈસ્યુ થઈ ગયા છે અને જે પરત લઈ શકાય તેમ ન હોય તેવા જ કેસમાં નિકાસની છૂટ આપવામાં આવશે અને આ પગલાથી વિશ્વમાં ઘઉંના ભાવ વધશે પરંતુ ભારતના લોકો માટે રાહતની સ્થિતિ સર્જાશે તેવી શક્યતા છે. એક તરફ સરકારના ગોડાઉનોમાં જે ઘઉંનો સ્ટોક પડયો હતો તે સરકારની અંત્યોદય સહિતની યોજનાઓને કારણે જથ્થો ઘટતો જતો હતો અને બીજી તરફ ચાલુ વર્ષે હવામાન સહિતના ફેરફારના કારણે ઘઉંના એકંદર ઉત્પાદનમાંથોડીકઘટ આવેતેવીપણ શક્યતા છે અને તેથી કેન્દ્ર સરકારે આ નિર્ણય લીધો છે. ગઈકાલે કેન્દ્રના વ્યાપાર મંત્રાલયની એક બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો. હાલમાં યુક્રેન યુધ્ધના કારણે વિશ્વના બજારમાં ઘઉંના ભાવમાં ૪૦ ટકાનો વધારો થયો છે. બીજી તરફ ઘરઆંગણે સરકાર ૧૦૫ મીલીયન ટન ઘઉંના ઉત્પાદનની આશા રાખે છે. પરંતુ તે ૯૫ મીલીયન ટન થશે તેવા સંકેત છે અને તેના કારણે ઘરઆંગણે ઘઉંના ભાવમા વધારો નોંધાયો હતો.બીજી તરફ સરકારના ઘઉંના ટેકાના ભાવ રૂા. ૨૧૫ પ્રતિ ક્વિન્ટલ નોંધાયો હતો પરંતુ ખુલ્લા બજારમાં ઘઉંના ભાવ ઉંચા હોવાથી સરકારી ખરીદીને પણ અસર થઈ હતી.

## ગુજરાત ગેસ દ્વારા સીએનજી - પીએનજીમાં ભાવ વધારો ઝીંકાયો

અમદાવાદ તા. ૧૪

દેશમાં એક તરફ આગામી ઓકટોબર માસમાં તમામ પ્રકારના ગેસના ભાવની પુનઃવિચારણા થઈ શકે તે વચ્ચે જ ગુજરાતમાં વ્યાપક નેટવર્ક ધરાવતી સરકારી કંપની ગુજરાત ગેસ દ્વારા સીએનજી અને પીએનજીના ભાવમાં કમ્મરતોડ વધારો ઝીંકી દેવાયો છે તેથી હવે રાજ્યમાં ખાનગી અને સરકારી બંને કંપનીઓના સીએનજી તથા પીએનજીના ભાવ સમાન થઈ ગયા છે. ગુજરાત ગેસ દ્વારા ગુપચુપ રીતે અમલમાં આવે તે રીતે સીએનજીના ભાવમાં રૂા. ૨.૬૦નો વધારો કરતાં જૂના ભાવ જે રૂા. ૭૯.૫૬ હતા તે વધીને રૂા. ૮૨.૧૬ થયા છે જયારે પીએનજીના ભાવમાં રૂા.૩.૫૧નો વધારો કરવામાં આવ્યો છે અને જૂના ભાવ જે રૂા. ૪૪.૧૪ હતા તે હવે વધીને રૂા.૪૮.૫૦ થયા છે.

આ કારણે રાજ્યમાં હવે વાહનચાલકોમાટે સીએનજીઅને પેટ્રોલના ભાવમાં જે રીતે સતત તફાવત ઘટતો જાય છે અને ગૃહિણીઓ કે જે એકબાદ એક શહેરોમાં પાઈપલાઈન મારફત ગેસ પુરો પાડવાની પ્રક્રિયાને આગળ ધપાવવામાંઆવી રહી છે ત્યાં પણ ભાવ વધારાને કારણે લોકોના બજેટ ખોરવાઈ ગયા છે.

## દિલ્હીનાં મુંડકા અગ્નીકાંડમાં હજુ ૨૯ લાપત્તા : મૃત્યુઆંક ૨૭

### વડાપ્રધાન મોદીએ રૂા.૨ લાખ દિલ્હીનાં મુખ્યમંત્રી કેજરીવાલે રૂા.૧૦ લાખની સહાયની જાહેરાત કરી

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા.૧૪

દિલ્હીનાં મુંડકા વિસ્તારમાં સીસીટીવીની ફેકટરીમાં ગતરાત્રે લાગેલી ભીષણ આગમાં જીવતા ભુંજાઈ ગયેલા લોકોનો મૃત્યું આંક ૨૭ થયો છે અને હજુ વધુ ૨૯ લોકો લાપત્તા હોવાનું જણાવાય રહયું છે. આ બાબતે દિલ્હીનાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે મેજીસ્ટ્રીયલ ઈન્કવાયરીનાં આદેશ આપી દીધા છે તેમજ મૃતકોનાં પરીવારજનોને રૂા.૧૦ લાખનું વળતર આપવાની પણ જાહેરાત કરી છે. જયારે ઘાયલોને રૂા.૫૦ હજાર વળતર આપવાની જાહેરાત કરી છે. જયારે વડાપ્રધાન મોદીએ પણ મૃતકોનાં પરીવારજનોને રૂા. બે-બે લાખનું વળતર આપવાની જાહેરાત કરી છે. આ આગની ઘટનામાં ૬૯ જેટલા લોકોને તો બારીઓ તોડીને બહાર કાઢવામાં આવ્યા હતા શુક્રવારે સાંજે લગભગ ૪.૩૫ કલાકે ઈમારતનાં પ્રથમ માળમાં ધુમાડાના ગોટા જોવા મળ્યા હતા અને ધીમે ધીમે આગની જવાળાઓબહાર આવવા લાગી હતી અને ઈમારતના તમામ ચાર માળ આગની લપેટમાં આવી ગયા હતા. આઈમારતમાંસીસીટીવી કેમેરા અને રાઈટર નિર્માણ કરતી કંપનીમાં ૭૦ થી વધુ કર્મચારી હતા જેમાંથી મોટાભાગે મહિલાઓ હતી. તેઓ કામ કરતાં હતા અને આગ લાગતા જ તેઓએ બારીમાંથી કુદકા માર્યા હતા.

## આવતીકાલે અમદાવાદમાં ૪૫ ડીગ્રી તાપમાન સાથે રેડએલર્ટ ગુજરાતમાં જુનનાં પ્રથમ સપ્તાહમાં વરસાદ આવશે

### ગઈકાલે જૂનાગઢ, અમરેલીમાં ૪૪ ડીગ્રી તાપમાન નોંધાયું : ૧૦ શહેરોમાં ૪૦ ડીગ્રીથી વધુ તાપમાન

અમદાદાવાદ તા. ૧૪

રાજકોટ શહેર સૌરાષ્ટ્ર-કચ્છમાં અસહ્ય ઉકળાટ સાથે લોકો ગરમીથી ત્રાહીમામ પોકારી ગયા છે અને મહતમ તાપમાનનો પારો ૧૦ શહેરોમાં ૪૦ ડિગ્રીને પાર થઈ ગયો હતો. જુનાગઢ, અમરેલી, રાજકોટ સહિતના વિસ્તારોમાં મહતમ તાપમાન ઉંચુ જતાં લોકો પરસેવે રેબઝેબ થઈ રહ્યા છે. હવામાન ખાતાની આગાહી પ્રમાણે અમદાવાદમાં આવતીકાલે ફરી ગરમીનો પારો ૪૫ ડિગ્રીને સ્પર્શી જાય તેવી શકયતા છે. જેના કારણે રેડ એલર્ટ જાહેર કરાયું છે. દરમ્યાનમાં હવામાન વિભાગે એવી આગાહી કરી છે કે, ગુજરાતમાં જુન માસનાં પ્રથમ સપ્તાહમાં વરસાદ થઈ જશે. જયારે કેરળમાં ૨૬ મેનાં રોજ ચોમાસું બેસી જશે.

## કોંગ્રેસની ચિંતન શિબિર : પક્ષ પ્રમુખે દર અઠવાડીયે કાર્યકરોને મળવું જોઈએ - કામનું વાર્ષિક ઓડિટ થવું જોઈએ

ઉદયપુર,તા.૧૪: કોંગ્રેસ પક્ષનાં અધ્યક્ષ સોનિયા ગાંધીએ ઉદયપુરમાં કોંગ્રેસના ચિંતન શિબિરમાં તેમના ભાષણમાં મોટા ફેરફારોના સંકેત આપ્યા છે, પરંતુ સોનિયા ગાંધીને પાર્ટીના નેતાઓ તરફથી કેટલાક પ્રસ્તાવો પણ મળ્યા છે. પાર્ટીના સૂત્રોનું કહેવું છે કે નેતાઓએ સોનિયા ગાંધીને ફરિયાદ કરી છે કે અધ્યક્ષ પાર્ટી કાર્યકર્તાઓને મળતા નથી. તેથી પ્રમુખે દર અઠવાડિયે પક્ષના કાર્યકરોને મળવું જોઈએ અને કામનું વાર્ષિક ઓડિટ થવું જોઈએ. જો કે છેલ્લા આઠ વર્ષથી ચૂંટણીમાં હારનો સામનો કરી રહેલી કોંગ્રેસ પાર્ટીને આ ચિંતન શિબિર કેટલું પ્રોત્સાહન આપી શકે છે તે જોવું રહ્યું. ઉદઘાટન સંબોધનમાં સોનિયા ગાંધીએ સ્પષ્ટ કર્યું કે પાર્ટીએ કાર્યકરો અને નેતાઓ માટે ઘણું કર્યું છે. હવે તેમનું દેવું ચૂકવવાનો સમય આવી ગયો છે. સોનિયા ગાંધીએ કહ્યું કે દેશના મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહેલા લોકોને કોંગ્રેસ પાસેથી જ આશા છે. પરંતુ લોકોની અપેક્ષાઓ ઉપર ખરા ઉતરવા માટે પાર્ટીમાં પાયાના સ્તરથી લઈને ટોચના સ્તર સુધી ઘણા સુધારાની જરૂર છે.

સોનિયા ગાંધીએ નેતાઓને આહ્વાન કર્યું કે તમે અહીં કંઈપણ કહેવા અને ઘણાં સૂચનો આપવા માટે સ્વતંત્ર છો, પરંતુ એક જ સંદેશ જવો જોઈએ કે અમે એક સંગઠન તરીકે એક છીએ. આ રીતે સોનિયા ગાંધીએ સ્પષ્ટ કર્યું કે તેઓ કોંગ્રેસમાં પરિવર્તન માટે તૈયાર છે.

જે રીતે સોનિયા ગાંધીએ પાર્ટીના નેતાઓને સુધારા માટે હાકલ કરી હતી, તેવી જ રીતે પાર્ટીના નેતાઓ દ્વારા સોનિયા ગાંધીને કેટલાક પ્રસ્તાવ મોકલવામાં આવ્યા છે. પાર્ટીના સૂત્રોનું કહેવું છે કે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ લાંબા સમયથી પાર્ટી કાર્યકર્તાઓને મળ્યા ન હતા. તેમજ તેમની સમસ્યાઓને ધ્યાનમાં લેવામાં આવી ન હતી. ઠરાવમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે પાર્ટી અધ્યક્ષે દર અઠવાડિયે કાર્યકરોને મળવું જોઈએ અને તેમની સાથે વાતચીત કરવી જોઈએ.

## મધ્યપ્રદેશનાં ગુના જીલ્લામાં બનેલી ચકચારી ઘટના : કાળિયારનાં શિકારીઓએ ત્રણ પોલીસ અધિકારીઓને ગોળીઓથી વિંધી નાખ્યા

ભોપાલ, તા.૧૪: મધ્ય પ્રદેશના ગુના જિલ્લામાંગત મોડીરાત્રે પોલીસ અને શિકારીઓ વચ્ચે થયેલી અથડામણમાં ૩ પોલીસ કર્મચારીઓના મોત થયા છે. આ મામલે મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે તેમના નિવાસસ્થાને ઈમરજન્સી બેઠક બોલાવી છે. પ્રાપ્ત માહિતી મુજબ ગુનાના આરોન વિસ્તારના જંગલમાં ગત મોડી રાત્રે પોલીસ અને શિકારીઓ વચ્ચે એન્કાઉન્ટર થયું હતું. જેમાં એક એસઆઈ અને બે કોન્સ્ટેબલના મોત થયા હતા. સાથે જ ડ્રાઈવરને પણ ઈજા થઈ છે. એન્કાઉન્ટર પાછળના કારણ વિશે હાલ કોઈ અધિકારી કંઈપણ કહેવા તૈયાર નથી. જો કે, કાળિયાર શિકાર કેસમાં પોલીસ કર્મીઓ શિકારીઓની શોધખોળ કરવા ગયા હોવાની ચર્ચા છે. જયાં શિકારીઓએ ગુપ્ત રીતે તેમના ઉપર ગોળીબાર કર્યો હતો. આ હત્યામાં ૧૨ થી ૧૫ ગોળીઓ એક મૃતદેહને વાગી છે. એન્કાઉન્ટરમાં SI રાજકુમાર જાટવ, કોન્સ્ટેબલ નીરજ ભાર્ગવ, કોન્સ્ટેબલ સંતરામનું મોત થયું હતું. ત્રાણેયના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે જિલ્લા હોસ્પિટલમાં લાવવામાં આવ્યા છે.

## ગુજરાતમાં રૂા.૨૫૦૦ કરોડનાં ખર્ચે પાંચ નવી મેડીકલ કોલેજ સ્થાપવામાં આવશે

ગાંધીનગર તા. ૧૪

ગુજરાત સરકાર આગામી શૈક્ષણિક વર્ષથી ગુજરાતમાં રૂા. ૨૫૦૦ કરોડમાં પાંચ નવી મેડિકલ કોલેજો સ્થાપશે, જેમાં હાલની ૫૭૦૦ મેડિકલ બેઠકોમાં ૫૦૦ બેઠકોનો ઉમેરો થશે. આ પગલાનો હેતુ ગુજરાતને ભારતનું મેડિકલ હબ બનાવવા અને મેડિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો કરવાનો છે, જેની ખામીઓ કોવિડ રોગચાળા દરમ્યાન બહાર આવી હતી.

અગાઉ વડાપ્રધાન મોદીએ દેશના દરેક જિલ્લામાં મેડિકલ કોલેજ બનાવવાની હાકલ કરી હતી. આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે હાલમાં રાજયમાં ૬ સરકારી મેડિકલ કોલેજો છે અને અન્ય આઠ મેડિકલ કોલેજો ગુજરાત મેડિકલ એજયુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી દ્વારા ચલાવવામાં આવે છે. રાજય આમ કુલ મળીને ૫૭૦૦ મેડિકલ સીટ ઓફર કરે છે. નવી મેડિકલ કોલેજો મોરબી (રૂા. ૬૨૭ કરોડ), પોરબંદર (રૂા. ૩૯૦ કરોડ), ગોધરા (રૂા. ૫૧૨ કરોડ), નવસારી (રૂા. ૫૪૨ કરોડ), અને રાજપીપળા (રૂા. ૫૨૯ કરોડ) ખાતે શરૂ થશે. રાજયમાં નવી કોલેજો સ્થાપવા માટે ૨૫૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. દરેક મેડિકલ કોલેજમાં ૧૦૦ સીટો હશે અને આ રીતે હાલની ક્ષમતામાં ૫૦૦ નવી મેડિકલ સીટો ઉમેરવામાં આવશે.

## રાહુલ ગાંધીને કોંગ્રેસનાં પુર્ણકાલિન અધ્યક્ષ બનાવવા માંગણી

ઉદયપુર તા. ૧૪

ઉદયપુરમાં ચાલી રહેલા કોંગ્રેસ ચિંતન શિબિરમાં રાહુલ ગાંધીને પાર્ટીના પૂર્ણકાલીન અધ્યક્ષ બનાવવાની માંગ ઉઠી હતી. આ માંગ કરતાં કેરળના કોંગ્રેસના લોકસભા સાંસદ ટીએન પ્રતાપે મોટું નિવેદન આપ્યું હતું કે કોંગ્રેસ અધ્યક્ષ નિયમિત રાજકારણી હોવા જોઈએ. કોંગ્રેસમાં સંગઠનની ચૂંટણીની પ્રક્રિયા ચાલી રહી છે, તેથી ઉદેપુર ચિંતન શિબિરમાં કોંગ્રેસ અધ્યક્ષ અંગે કોઈ ઔપચારિક ચર્ચા થઈ નથી, પરંતુ નેતાઓ પાર્ટી નેતૃત્વમાં સ્પષ્ટતાની માંગ કરી રહ્યા છે. આ કડીમાં કેરળના લોકસભા સાંસદે રાહુલ ગાંધીને ફરીથી સત્તા સંભાળવાની માંગ કરી હતી.

આ પહેલા કોંગ્રેસ વર્કિંગ કમિટીની તમામ બેઠકોમાં વરિષ્ઠ નેતાઓ દ્વારા રાહુલ ગાંધીને ફરીથી અધ્યક્ષ બનાવવાની માંગ કરવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, માર્ચમાં યોજાયેલી બેઠકમાં રાહુલે નેતાઓને આશ્વાસન આપ્યું હતું કે તેઓ તેના ઉપર ગંભીરતાથી વિચાર કરી રહ્યા છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં હાર બાદ રાહુલ ગાંધીએ પાર્ટી અધ્યક્ષ પદેથી રાજીનામું આપી દીધું હતું. આ પછી સોનિયા ગાંધીએ ફરીથી પાર્ટીની બાગડોર સંભાળવી પડી છે.

## જમ્મુથી કટરા જઈ રહેલી બસમાં વીસ્ફોટ બાદ આગ લાગી : ચારનાં મોત : ત્રણ ગંભીર

જમ્મુ તા. ૧૪ : જમ્મુમાં એક મોટો અકસ્માત થયો છે,કટરાથી જમ્મુ જઈ રહેલી બસમાં ધડાકો થયા બાદ આગ લાગી. આ અકસ્માત થયો ત્યારે બસમાં ૨૪ મુસાફરો હતા, જેમાંથી ૪ લોકોના મોત થયા છે. આગને કારણે ૨૦ મુસાફરો દાઝી ગયા છે, જેમાંથી ત્રાણની હાલત ગંભીર હોવાનું કહેવાય છે. ઘટનાની માહિતી મળતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને ઘાયલ અને ગંભીર રીતે સળગેલા મુસાફરોને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં દાખલ કર્યા. બસમાં આગ કેવી રીતે લાગી તે અંગેની ચોક્કસ હજુ મળી નથી. ઘટનાના કારણની તપાસ કરવામાં આવી રહી છે. મળતી માહિતી મુજબ શુક્રવારે બપોરે કટરાથી જમ્મુ જઈ રહેલી લોકલ બસ નંબર JK ૧૪-૧૮૩૧માં આગ લાગી હતી. આખી બસમાં આગ એટલી ઝડપથી ફેલાઈ ગઈ હતી કે મુસાફરોને બહાર નીકળવાની તક મળી ન હતી. આ અકસ્માતમાં ચાર લોકોના મોત થયા છે, જ્યારે અનેક લોકો ઘાયલ થયા છે. ઘાયલો પૈકી ત્રણની હાલત ગંભીર હોવાનું કહેવાય છે.

## સોમનાથ મંદિરની લુંટાયેલી સંપત્તિ અફઘાનીસ્તાનથી પરત લાવવા આણંદનાં મુસ્લિમ યુવકે અભિયાન શરૂ કર્યુ

આણંદ તા. ૧૪

આણંદ શહેરમાં રહેતા મુસ્લિમ યુવકએ પોતાનાં પિતાનાં અધુરા રહેલા સ્વપ્નને સાકાર કરવા માટે મોહમ્મદ ગઝની દ્વારા સોમનાથ મંદીર ઉપર હુમલાઓ કરી સોનું લુંટીને અફઘાનિસ્તાન લઈ જવામાં આવેલી સંપતીને દેશમાં પરત લાવવા માટે અભિયાન શરૂ કર્યુ છે. તેના માટે મુસ્લીમ યુવાને સોમનાથ મંદીર ટ્રસ્ટને પત્ર લખ્યો છે,તેમજ તેઓ વડાપ્રધાન મોદી અને રાષ્ટ્રપતિને પણ પત્ર લખીને સોમનાથ મંદીરની લૂંટમાં લઈ જવાયેલી ઐતિહાસિક સંપત્તિ દેશમાં પરત લાવવા જણાવાયું છે.

મોહમ્મદ ગઝનીએ સોમનાથ મંદીર ઉપર હુમલાઓ કરી મંદીરની તોડફોડ કરી અંદાજિત ૬ ટન સોનું અને દુર્ભલ શીવલીંગ તેમજ લાલ ચંદનથી બનાવેલો મંદીરનો મુખ્ય દરવાજોઅને કિંમતી સામાન સહીત આજના બજાર કિંમતે ૭૦૦ કરોડ રૂપિયા ઉપરાંતની સંપત્તિને લુંટ કરી લઈ ગયો હતો. મોહમ્મદ ગઝની દ્વારા લૂંટ કરી લઈ જવામાં આવેલી ઐતિહાસિક શિવલીંગ, લાલ ચંદનનો દરવાજો સહીતની સંપત્તિને અફઘાનિસ્તાનથી પરત લાવવા માટે આણંદનાં યુવક મઝહરખાન નિશારખાન પઠાણે અભિયાન હાથ ધર્યુ છે. અને તેના માટે તેઓએ સોમનાથ મંદીર ટ્રસ્ટને પત્ર પણ લખ્યો છે. તેમજ તેઓ આ અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ રાષ્ટ્રપતિને પણ પત્ર લખીને સોમનાથ મંદીરની લૂંટ કરી લઈ જવાયેલી સંપત્તિને પરત લાવવા માંગ કરી છે.

આણંદ શહેરમાં અલસિફાત રેસીડેન્સીમાં રહેતા મઝહરખાન નીસારખાન પઠાણ જુનાગઢનાં નવાબ પરિવારથી સંબધ ધરાવે છે. તેઓનાં પિતા નીસારખાન પઠાણ જયોતીષીઅને ભુગર્ભ ગતિવિધિના જાણકાર હતા, આફ્રિકામાં સોનાની ખાણો શોધવામાં તેઓની મહત્વની ભુમિકા હતી. તેઓ ઝામ્બિયાના રાષ્ટ્રપતિના વિશેષ સલાહકાર રહી ચુક્યા હતા. તેઓએ સોમનાથ મંદીર અંગે ઘણુ સંશોધન કર્યું હતું. મોહમ્મદ ગઝનીએ સોમનાથ મંદીર ઉપર હુમલાઓ કરી ચલાવેલી લૂંટ અંગે પણ તેઓ દ્વારા અભ્યાસ કરી ઘણું સંશોધન કરવામાં આવ્યું હતું.

મોહમ્મદ ગઝની દ્વારા લૂંટ કરી લઈ જવામાં આવેલા ૬ ટનથી વધુ સોનું તેમજ દૂર્લભ શીવલીંગ અને લાલ ચંદનનાં લાકડામાંથી બનાવેલુ કાષ્ઠકલાની અદભુત કોતરણી ધરાવતા મંદીરનાં મુખ્ય દરવાજા સહીતની સંપત્તિ અફઘાનિસ્તાનથી પરત લાવવા માટે તત્કાલીન વડાપ્રધાન ઈન્દીરા ગાંધી અને વી પી સિંહને પણ રજુઆતો કરી હતી. પરંતુ ત્યારબાદ વર્ષ ૨૦૦૧માં નિશારખાનનું નિધન થયું હતું, નિધન પૂર્વે નિશારખાને સોમનાથ મંદીરની લૂંટમાં ગયેલી સંપત્તિ દેશમાં પરત લાવવા માટે પોતાની રજુઆતો અને મહેચ્છા અંગે પોતાનાં પુત્ર મઝહરખાનને પણવાત કરી હતી, જેથી પુત્ર મઝહરખાને પોતાનાં પિતાનાં અધુરા રહેલા સ્વપ્નને પુરૂ કરવા માટે અફઘાનિસ્તાનમાંથી સોમનાથ મંદીરની લૂંટની સંપત્તિ પરત લાવવા માટે અભિયાન હાથ ધર્યુ છે

આ અંગે મઝહરખાન પઠાણે જણાવ્યું હતું કે અફઘાની લૂંટારા મંહમદ ગઝનીએ ઈતિહાસ અનુસાર વર્ષ ૧૦૨૪ની આસપાસમાં સોમનાથ મંદીર ઉપર ચઢાઈ કરી હતી અને મંદીરમાંથી ૬ ટન સોનું અને લાલ ચંદનમાંથી બનાવેલો કાષ્ઠ કલાનાં નમુનારૂપ દરવાજો તેમજ દૂર્લભ શીવલીંગ સહીત કિંમતી સામાનની લુંટ ચલાવીને અફઘાનિસ્તાન લઈ ગયો હતો. જેની આજનાં દિવસે કિંમત ૭૦૦ કરોડથી વધુ આંકી શકાય.

## છેલ્લા એક માસમાં શેરબજારમાં રોકાણકારોનાં રૂા.૩૪ લાખ કરોડનું ધોવાણ


મુંબઈ તા. ૧૪ : ભારતીય શેરબજાર એક મહિનામાં ૯.૮ ટકા ઘટ્યું છે અને ૧૧ એપ્રિલ બાદ ભારતીય શેરબજારની કુલ કેપીટલ રૂા. ૩૪ લાખ કરોડ ઘટી છે. મુંબઈ શેબજારમાં છેલ્લા પાંચ દિવસમાં રૂા. ૧૮ લાખ કરોડનું નુકશાન થયું છે. દુનિયાભરમાંઆ ટ્રેન્ડ માર્કેટમાં જોવા મળે છે.બીજી તરફ વિદેશી રોકાણકારો પણ ભારતીય શેરબજારમાંથી તેનું રોકાણ પાછુ ખેંચી રહ્યાં છે અને તેના કારણે સર્જાયેલી પરિસ્થિતિ વધુ વિકટ બનશે તેવા સંકેત છે.


બિઝનેસ લોન 50* લાખ સુધી

વધુ માહિતી માટે મિસ્ડ કોલ કરો
63599 00968

ઓફર...ઓફર... M. 99787 06355

તમામ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




બીના ઈલેક્ટ્રોનિક્સ

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, માઈક્રોવેવ,
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી

બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર

એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

દાંત, મોં તથા જડબાનાં રોગોની સારવાર એક જ જગ્યાએ ઉપલબ્ધ

સ્પેશ્યાલીટી



- ડહાપણ દાઢની સર્જરી
- મોઢા અને જડબાનાં ફ્રેકચરની સારવાર
- મોંનાં ચાંદા અને કેન્સરનું નિદાન અનેસારવાર
- જડબાના સાંધાની સારવાર
- ડેન્ટલ ઈમ્પ્લાન્ટ (જડબામાં સ્ક્રુ, ફીકસ કરી દાંત બેસાડવા)
- હેર ટ્રાન્સપ્લાન્ટ, PRP થેરાપી

ડો. દુષ્યંત ચૌહાણ

બી.ડી.એસ, એમ.ડી.એસ.
ઓરલ એન્ડ મેકિસલોફેશિયલ સર્જન
દાંત, મોં અને જડબાનાં રોગનાં સુપર સ્પેશ્યાલીસ્ટ,
હેર ટ્રાન્સપ્લાન્ટ સર્જન

ડો.પ્રાચી ચૌહાણ

એમ.ડી. હોમિયોપેથ
આસી. પ્રોફેસર (નોબેલ હોમિયોપેથિક કોલેજ-જૂનાગઢ)

સ્પેશ્યાલીટી

- દરેક પ્રકારના ચામડી તથા વાળનાં રોગોની સારવાર
- સફેદ ડાઘ / કોઢ, સીળસ, કાળા કુંડાળા વગેરેની સારવાર
- ખીલને લીધે થતા ડાઘ ખાડાની આધુનિક પધ્ધતિથી સારવાર

સ્ટાર પ્લેટિનમ કોમ્પ., ફર્સ્ટ ફલોર, મધુર બસસ્ટોપની સામે, મધુરમ બાયપાસ, જૂનાગઢ મો. ૯૫૧૨૩ ૭૩૭૭૯

ૐ ઉપચાર કેન્દ્ર

ડો. સી.ડી. ઓઝા (N.D.)

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસાઈટીસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથગ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

શોપ નં. ૩, શકિત કોમ્પ્લેક્ષ, શકિતનગર-૧, શાંતેશ્વર રોડ, જોષીપરા, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

# દેશની સુરક્ષા સાથે કરાયેલા ખીલવાડ ઉપર કોર્ટનો સખ્ત હુકમ ?

અંહી ની નામદાર કોર્ટ દ્વારા ગતતા. ૯/૦૫/૨૦૨૨ના અપાયેલ ન્યાયે દેશમાં ન્યાયાલય સર્વે ને સરખો ન્યાય આપે છે સાબિતીરૂપ અને પોલીસને માટે શિખામણ રૂપ ચુકાદો આપતા કોર્ટે કેન્દ્ર સરકાર ની જ ફરિયાદી એજેન્સી કોસ્ટ ગાર્ડની શંકાને માન્ય રાખી તેમની તરફેણમાં ચુકાદો આપી ગુન્હેગારો સામે ફરિયાદ દાખલ કરવા અને આ ફરિયાદ દાખલ ના કરવામાં બેદરકારી દાખવાનાર અહીના જે તે સમયના પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી.એસ.ઓ.-પી.એસ.આઈ. અને તેનું મોનીટરીંગ કરતાં જવાબદાર અધિકારી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા ૧૧૬ અને ૧૬૬(એ) અન્વયે ગુન્હો નોંધી કોર્ટને જાણ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. જે અંગેની વિગત મુજબ અહીના બારતીય તટ રક્ષક દળના કમાંડેટ ગૌરવ ત્યાગી દ્વારા અહી ની કોર્ટમાં ગત ગત તા. ૨૪-૯-૨૦ના રોજ અજાણ્યા શખ્સો વિરૂધ્ધ આઈ.પી.સી. ૪૨૦-૪૨૯-૪૬૫-૪૬૭-૪૬૮-૪૭૧-૨૦૧-૧૧૪ અને ૧૨૦(બી) મુજબ ફરિયાદ દાખલ કરવામાં આવેલ જે મુજબ ઈન્ટેલિજેન્ટ વિભાગ તરફથી કોસ્ટગાર્ડ હેડક્વાટર ને મળેલ માહિતી મુજબ અમુક માલ વાહક વાહણો દ્વારા નાર્કોટિક્સની ગલ્ફ ઓફ ઓમાન માંથી સ્મગલિંગ થતી હોવા બાબતે ધ્યાન ડોરેલ જે દરમ્યાન કચ્છના અખાતમાં પેટ્રોલિંગ કરતાં કોસ્ટગાર્ડના જહાજ દ્વારા ગત તા. ૧૯-૯-૨૦ના વહેલી સવારે ૬.૪૫ કલાકે એક માલવાહક વાહણ એમ.એસ.વી.સાફિના અલ ઘોસે-સેલાની રજીસ્ટર નંબર

## ન્યાયાલયમાં ન્યાય સર્વે માટે સરખો જ આપવામાં આવે છે તે સાબિત કર્યું

બી.ડી.આઈ./૧૨૯૦ ને ફરિયાદ માં દર્શાવેલ જગ્યા ઉપરથી પકડવામાં આવેલ અને અહીના બંદરે લાવવામાં આવેલ ત્યાં તેના ટંડેલ અને અન્ય ખલાક્ષીઓ ની વિવિધ વિભાગ તપાસનિશ એજેન્સીઓ દ્વારા સાધન તપાસ માટે ઈન્ટરોગેશન કરવામાં આવેલ અને તેમાં ફરિયાદીને જાણવા મળેલ કે આ વાહણને સલાયાથી દુબઈ જવા માટેની મંજૂરી મળેલ પરંતુ તે દુબઈ જવાના બદલે સુલતાન કબોસ પોર્ટ માસ્કત (ઓમાન) પહોંચેલ અને ત્યાં તેમાં રહેલા ૨૬ ક્રુ-મેમ્બરને ત્યાં મૂકી તેમના બદલે અન્ય ૨૦ ક્રુ-મેમ્બરોને લઈને આવેલ. અને તેમના ઈન્ટરોગેશનદરમ્યાન કાયદાની બેદરકારીઓ અને તેનો ભંગ કરવામાં આવ્યાનું રેકર્ડ ઉપર જાણવા મળેલ જેમાં આ વાહણને એમ.એમ.ડી. વિભાગ દ્વારા મસ્કત ઓમાન જવાની પરવાનગી આપવામાં આવેલ જ્યારે તેજ વાહણને સલાયાના કસ્ટમ ખાતા દ્વારા દુબઈ જવાની પરવાનગી આપવામાં આવેલ ! જ્યારે કેન્દ્ર સરકારના જ આ બંને વિભાગ દ્વારા એક જ વાહણને અલગ અલગ જગ્યા ઉપર જવા માટેની પરવાનગી લેવા પાછળના કારણો શંકાના દાયરામાં પહેલા ચરણમાંજ જાણવા મળેલ અને તેમાં પણ વધુ ચોંકાવનારી વિગત મુજબ તેમાંથી દેશમાં પ્રતિબંધિત અને દુનિયામાં ગુન્હેગારોને તેમની ગુન્હાખોરીને કોઈપણ એજન્સી દ્વારા ઈન્ટરસેપ્ટ કરતાં રોકવા માટે ઉપયોગી તેવા થુરાયા કંપનીના સેટેલાઈટ ફોનને બે અલગ અલગ સીમ કાર્ડો સાથે પકડી પાડવામાં આવેલ-જ્યારે જે ક્રુમેમ્બરો અહીપરત આવેલ તે અહીથી વર્ષ ૨૦૧૯માં મસ્કત ગયેલ તેની તેમના પાસપોર્ટ કે સી-મેન કાર્ડમાં એન્ટ્રી પણ ના હોવા અંગે ની વિગતો બહાર આવ્યા બાદ અને તેની ગંભીરતા સમજાતા કોસ્ટગાર્ડ દ્વારા વધુ તપાસ હાથ ધરતા તેમાં રહેલ એ.આઈ.એસ. એટલે ઓટો આઈડેન્ટી સિસ્ટમ હોવા છતાં તે બંધ હાલત માં હતી અને તેનો એન્ટેના ખામી યુક્ત મળી આવેલ કારણકે તેમ રાખવાથી કોઈ દરિયાઈ સુરક્ષા એજન્સી તેમને ટ્રેસ ના કરી શકે અને તે જોવાની જવાબદારી એમ.એમ.ડી. ડિપાર્ટમેન્ટ ની હોવા છતાં તેને ધ્યાન ના આપતા અને તે વાહણનું એ.એસ.આઈ. બંધ હોવા છતાં ટેક્નિકલી તેની તપાસ કરતાં તે સીસેલ્સ-શ્રીલંકા-ઈરાન-પાકિસ્તાન જેવા ૧૦૪ પોઈન્ટ ઉપર ગયાનું જણતા તેમજ તેમના ક્રુમેમ્બરો વ્યાપારિક પ્રવૃતિ કરતાં હોય તેમ મોટી રોકડ રકમ ની લેવડદેવડ તેમના કુટુંબીજનો સાથે કર્યા હોવાનું તેમના સ્ટેટમેન્ટમાં બહાર આવતા કોસ્ટગાર્ડ દ્વારા સરડીય સલામતી અને તેમને મળેલ અધિકારો અંતર્ગત કાયદા ની મર્યાદા મુજબ સ્થાનિક પોલીસને રિપોર્ટ કરી આગળની કાર્યવાહી કરવાની જાણ કરી પોલીસ વિભાગના જ ઉચ્ચ અધિકારીઓને પણ જાણ કરી તેમના દ્વારા ખુદ તેમના ખાતાના જ અધિકારી દ્વારા ફરિયાદી બની અહીની કોર્ટ માં અજાણ્યા શખશો વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવેલ. પરંતુ કંઈક મળેતો મારૂ શું અને ના મળે તો મારે શું તેવા પોલીસ તંત્રના વહીવટને માટે એક બોધપાઠરૂપ ચુકાદો આપતા અહીના ન્યાયાધીશ દ્વારા આ કેસમાં પોલીસ દ્વારા કરવામાં આવેલ ફક્ત ‘‘હરકતમાં બરકત અને ફજેતીમાં ફાયદો’ જેવી કાર્યવાહીને ધ્યાનમાં લઈ સુપ્રીમ કોર્ટના લલિતાકુમારી વિરૂધ્ધ સ્ટેટ ઓફ યુ.પી.ના ચુકાદાને ટાંકી આ કેસમાં એ.આઈ.આર. ૨૦૧૪ સુ.કો.૧૮૭ મુજબ પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતોને માનવા બંધાયેલા હોવા છતાં તે માનેલ ના હોય જેથી પ્રથમ દ્રષ્ટિએ જે તે સમયે ફરિયાદ દાખલ થયેલ તે સમય નાફરજ ઉપરના પી.એસ.ઓ. તેમજ પી.એસ.આઈ. અને તેમનું મોનીટરીંગ કરતી ઓથોરીટી ડી.એસ.પી. દેવભૂમિ દ્વારકાના ઓ.એઈ.પી.કો ૧૬૬ અને ૧૬૬(બી) મુજબનો ગુન્હો કરેલ હોય તેમના સામે ધોરણસરની કાર્યવાહી ૩૦ દિવસમાં કરવા અને તે બાબતનું સ્પષ્ટીકરણ ડી.જી.પી. ગુજરાત રાજ્ય મારફતે અત્રે કોર્ટમાં કરવાનો હુકમ કરેલ છે. ત્યારે પ્રશ્ન તે થાય છે કે કેન્દ્રના હોમ મિનિસ્ટર હેઠળ આવેલ કોસ્ટ ગાર્ડ અને રાજ્યના હોમ મિનિસ્ટર હેઠળ આવેલ રાજ્યની પોલીસના એકબીજાના અસહકાર ભર્યા વાતાવરણ અને કાર્યવાહીના કારણેજ શું દેશદ્રોહી તત્વો તેમના સ્લીપર સેલના પેન્ડરો કચ્છના અખાતમાંથી નિર્ભયપણે વર્ષોથી સોના, ચાંદી, ખોટી ચલણી નોટો, હથિયારો, ડ્રગ્સની હેરફેર આરામથી કરી રહ્યા છે.

- (સુરેશચંદ્ર એમ. ધોકાઈ)

### ઇન્ડસ્ટ્રીયલ સેક્ટરના વિકાસમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શનથી ગુજરાત નવી ઉંચાઈ સર કરી રહ્યું છે ત્યારે

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા રૂા. ૬ કરોડના ખર્ચે બનેલું જ્વેલરી સી.એફ.સી. ખુલ્લું મુકાયું

## રાજકોટના જેમ્સ અને જ્વેલરી ક્ષેત્ર માટે કોમન ફેસિલિટી સેન્ટર ગ્રોથ એન્જિન સાબીત થશે, સોની બજારના ધંધાર્થીઓ માટે સી.એફ.સી. ઉપયોગી બનશે : મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ



(પંકજ ઝિબા દ્વારા)

રાજકોટ તા.૧૪

ઈન્ડસ્ટ્રીયલ સેક્ટરના વિકાસમાં ગુજરાત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શનથી નવી ઉચાઈ સર કરી રહ્યું છે ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજકોટમાં જ્વેલરી ક્લસ્ટર ફેડરેશન રાજકોટ દ્વારા રૂા.૬ કરોડની ગ્રાન્ટથી દિવાનપરા ખાતે બનાવાયેલું સી.એફ.સી(કોમન ફેસીલીટી સેન્ટર) ખુલ્લું મૂકતા જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ‘આત્મનિર્ભર ભારતના નિર્માણના સંકલ્પને સાર્થક કરી આત્મનિર્ભર ગુજરાતનું નિર્માણ કરવા અથાગ પ્રયાસ કરીશું, આ પ્રસંગેમુખ્યમંત્રીએકહ્યું કે, કોમન ફેસિલિટી સેન્ટર રાજકોટના જેમ્સ એન્ડ જ્વેલરી ક્ષેત્રનું ગ્રોથ એન્જિન સાબિત થશે. રાજકોટમાં દોઢ લાખથી વધુ લોકો જેમ્સ જવેલરી ક્ષેત્રે કામ કરી રહ્યા છે. પંદર હજાર જેટલા યુનિટો રાજકોટમાં કાર્યરત છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારત સરકારના કોમર્સ અને ઈન્ડસ્ટ્રીઝ વિભાગ દ્વારા રાજકોટના જેમ્સ એન્ડ જ્વેલરી ક્ષેત્રના કોમન ફેસિલિટી સેન્ટર માટે સહાય કરી છે. રાજકોટના સોની બજારના નાના ધંધાર્થીઓ માટે આધુનિક મશીન ઉપર કામગીરી કરવી સી.એફ.સી સેન્ટરના કારણે શક્ય બનશે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલેઆ સંદર્ભે વધુમાં જણાવ્યું કે, સરકારની યોજનાનો લાભ જરૂરિયાતમંદ લોકોના ઘરે-ઘરે પહોંચે તે માટેનું કાર્ય વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકાર કરી રહી છે. સરકાર દ્વારા વચિતો ગરીબો માટે આવાસ પ્લોટ, માર્ગ, વીજળી, ગેસ કનેકશન પાણી સહિતના પાયાના કામો થઈ રહ્યા છે. કોરોનાને નાથવામાં રસીકરણ ઝુંબેશ અને અનાજ વિતરણ કરી સરકારે પ્રજાહિતલક્ષી કાર્યો કર્યા છે. જ્વેલરી ક્લસ્ટર ફેડરેશનના પ્રમુખ ચંદ્રેશભાઇ પાટડીયાએ આ તકે સેન્ટર દ્વારા લેટેસ્ટ મશીન દ્વારા જ્વેલરી મેન્યુફેક્ચરિંગ કઈ રીતે તૈયાર થાય છે તેની રૂપરેખા પૂરી પાડી હતી. GJEPCના રિજિયોનલ ચેરમેન દિનેશભાઈ નાવડિયાએ રાજકોટ ખાતે સેન્ટ્રલ ગવર્મેન્ટની મદદથી તૈયાર થયેલ કોમન ફેસિલિટી સેન્ટરનને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ખુલ્લું મુકવા બદલ અભિવાદન કરતાં જણાવ્યું હતું કે, રાજકોટમાં પણ ખૂબ મોટા પાયે ગોલ્ડ અને સિલ્વર જ્વેલરીનું પ્રોડક્શન થઈ રહ્યું છે ત્યારે રાજકોટમાં જ્વેલરી પાર્ક ઊભો કરવા મુખ્યમંત્રીને સૂચન કરાયું હતું જેના થકી રાજકોટ ખાતે મોટા પાયે રોજગારી થવાની શક્યતા દર્શાવી હતી. ૨૩૦૦ ચોરસફૂટ કાર્પેટ એરિયામાં ધરાવતું સી.એફ.સીના કારણે નાના ધંધાર્થીઓ અને ઉપયોગી થશે સામાન્ય ચાર્જ દ્વારા ધંધાર્થી તે વાપરી શકશે. આ મશીનોના કારણે કામમાં ઝડપ વધતા ઉત્પાદકતામાં સુધારો થશે. આ તકે સીએફસી સેન્ટરના ઉપયોગિતા વિષેની વિડિયો ફિલ્મ રજૂ થઈ હતી. આ પ્રસંગે શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણી, વાહન વ્યવહાર મંત્રી અરવિંદભાઈ રૈયાણી, સાંસદ રામભાઈ મોકરિયા અને મોહનભાઈ કુંડારિયા, ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ અને લાખાભાઈ સાગઠીયા, મેયર ડો. પ્રદીપભાઈ ડવ, અગ્રણી રાજુભાઈ ધ્રુવ, કમલેશભાઈ મીરાની, અગ્ર સચિવ પંકજભાઈ જોશી, કલેકટર અરૂણ મહેશ બાબુ, જ્વેલરી ક્લસ્ટર ફેડરેશનના પ્રમુખ ચંદ્રેશભાઈ પાટડિયા, પ્રવીણભાઈ વૈદ્ય, જીજેઈપીસી આસિસ્ટન્ટ ડાયરેકટર રજતભાઈ વાણી, ઝાલાવાડી વિશાશ્રી માળી, સોની સમાજના પ્રમુખ પુનિતાબેન પારેખ, ઉપપ્રમુખ નેમિષભાઈ પાટડિયા, કાર્તિકભાઈ બારભાયા, પ્રશાંતભાઈ પાટડિયા, ધર્મેશભાઈ પાટડિયા, દિનેશભાઈ રાણપરા, હરકિશનભાઈ આડેશરા, કેતનભાઈ પાટડિયા તથા સોના-ચાંદીના વ્યપાર સાથે જોડાયેલા વેપારીઓ, મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# એ.આર. ભટ્ટ કોમ્પ્યુટર સાયન્સ કોલેજ ઉનામાં વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૧૪



તાજેતરમાં એ. આર. ભટ્ટ કોમ્પ્યુટર સાયન્સ કોલેજ ઉના ખાતો વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો હતો. સમારંભ માં કોલેજમાં એલ. એલ. બી. વિભાગમાં અભ્યાસ કરેલ ફૂલબારીયા પ્રિયંકા અશોકભાઈ જેમને જૂનાગઢ યુનિવર્સિટી માથી ગોલ્ડ મેડલ મળેલ. તેમનો કોલેજના ટ્રસ્ટીના હસ્તે સર્ટિફિકેટ અને મોમેન્ટોં આપી સન્માન કરવામાં આવ્યુંહતું. આ કોલેજમાં ત્રણ વર્ષ કરતાં વધારે સમયથી સંસ્થા સાથે જોડાયેલા રહેલ તે સ્ટાફનું મોમેન્ટોં આપી સન્માન કરાયું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટીશ્રીએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનું પ્રોત્સાહન વધાર્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ જેમને પોતાના વિભાગમાં પ્રથમ, દ્વિતીય, તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હોય તે વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા. તેમજ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના પ્રિન્સિપાલ, સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓએ જહેમત ઉઠાવી હતી.

# ગુજરાતમાં બૌદ્ધ ધર્મનો વારસો

સ્વયં પ્રકાશિત થાઓ જ્ઞાની બનો જેવા શ્રેષ્ઠ વિચાર આપનાર ગૌતમ બુદ્ધનો જન્મ વૈશાખી પૂર્ણિમાના દિવસે ભારતભૂમિમાં થયો હતો તેથી દર વર્ષે તેમના અનુયાયીઓ બુદ્ધ પૂર્ણિમા તરીકે ઉજવે છે. ભારતીય રાજશાસને સ્વીકારેલ ત્રિમુખસિંહ સાથે અંકિત અશોક ચક્ર (ધર્મચક્ર )અને સત્યમેવ જયતે વાક્ય સાથેનું પ્રતીક ભગવાન બુદ્ધ અને તેમણે પ્રવર્તિત કરેલ ધર્મચક્ર બૌદ્ધ ધર્મનું આપણને નિરંતર સ્મરણ કરાવે છે. કલિંગના યુદ્ધમાં ભયંકર હિંસા જોઈને પાટલીપુત્ર સમ્રાટ અશોકનું હૃદય પરિવર્તન થયું અને બૌદ્ધ ધર્મ અંગીકાર કર્યો. બૌદ્ધ ધર્મથી પ્રભાવિત સમ્રાટ અશોકે સૌરાષ્ટ્રના ગિરનારના શિલાલેખમાં અને અન્યત્ર અનેક શિલાલેખમાં ગૌતમ બુદ્ધનો ઉપદેશ અને ધર્મચક્ર કોતરાવ્યા. બૌદ્ધ ધર્મમાં દિક્ષિત નર નારી ભિક્ષુ ને ભિક્ષુણી તરીકે ઓળખવામાં આવે છે. શિષ્ય સમુદાય સંઘના નામે ઓળખાય છે. ડો. આંબેડકરે ૧૯૩૫માં ધર્માંતરની ઘોષણા કરીને ૧૯૫૬માં બૌદ્ધ ધર્મની દીક્ષા લીધી. દરેક ધર્મને પોતાનો દેશ સંસ્કૃતિ અને તેમાંથી પ્રગટ થતી અસ્મિતા હોય છે. બૌદ્ધ ધર્મ ભારતભૂમિમાં જન્મ્યો છે. ભારતીય સંસ્કૃતિનું તે અવિભાજ્ય અંગ છે. આ ધર્મ અંધશ્રદ્ધા અને અજ્ઞાનતાને છોડાવે છે. તેનો અષ્ટાંગ માર્ગ, પંચશીલ, મૈત્રી, કરુણા મુદિતા અને ઉપેક્ષાની ભાવનાઓ બૌદ્ધ માર્ગીને નિર્વાણપદે પહોંચાડે છે. પાલી ભાષામાં લખાયેલો પ્રાચીન ધર્મગ્રંથ ત્રિપિટક છે. તેના ધર્મસ્થાનને પેગોડા ચૈત્ય સ્તૂપ તરીકે ઓળખાય છે. બૌદ્ધ ધર્મ એક ભારતીય ધર્મ છે. ગુજરાતમાં બૌદ્ધ ધર્મના પ્રાચીન અવશેષો મળી આવ્યા છે. ગુજરાતમાં ખાસ કરીને સૌરાષ્ટ્રમાં બૌદ્ધ ધર્મનો ફેલાવો મૌર્યયુગ દરમ્યાન થયો હોવાનું જાણવા મળે છે.

ગુજરાતમાં અનેક સ્થળોએ પુરાતત્વીય શાખા દ્વારા થયેલ ખોદકામ પરથી બૌદ્ધ ધર્મના પુરાવા મળી આવ્યા છે. દેવની મોરી, રાજકોટ ખોડલધામ પાસે આવેલ ખંભાલીડા ગુફાઓ, તેમજ ઉપલેટા પાસે આવે માય પાણી લ ઢાંક ગામની ગુફાઓ, અને ઢાંક ગામની પશ્ચિમે સાત કિ.મી.ના અંતરે સીદસર પાસેની ખીણ વિસ્તારમાં કેટલીક બૌદ્ધ ગુફાઓ આવેલી છે. જૂનાગઢની ગુફાઓ, ગીર સોમનાથ ગુફાઓ પ્રભાસ પાટણમાં બુદ્ધિસ્ટ ગુફાઓ ભાવનગરની તળાજા બુદ્ધિસ્ટ ગુફાઓ વડનગરના બુદ્ધિસ્ટ સ્થળો મહેસાણા તારંગા હિલ ઉપર બુદ્ધિસ્ટ સ્થળો ઉત્તર ગુજરાતના સતલાસણ તાલુકાના ગામમાંથી મળી આવેલા બૌદ્ધ અવશેષો પરથી કહી શકાય ગુજરાતમાં બૌદ્ધ ધર્મનો પ્રભાવ રહેલો છે. ગુજરાતમાં બૌદ્ધ ધર્મનું એક મહત્વનું સ્થાન હતું એટલું જ નહીં નાલંદા તક્ષશિલા સામે તુલના થઈ શકે એવી રાજ્યની પ્રાચીન વલ્લભી વિશ્વવિદ્યાલયમાં તત્કાલીન સમયે ૬૦૦૦ ભિખ્ખુઓ અભ્યાસ કરતા હતા આના પરથી કહી શકાય કે બૌદ્ધ ધર્મનો પ્રચાર પ્રસાર આ પ્રાંતમાં ખૂબ જ હતો. હિંમતનગરના શામળાજી ખાતે બુદ્ધ ભગવાનનો દાંત મળી આવ્યો હતો તે દેવની મોરી બુદ્ધ પ્રેમીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે. બૌદ્ધ ધર્મ પ્રજ્ઞા કરુણા અને સમતાનો પાઠ શીખવે છે આ ત્રણ સિદ્ધાંતોનું સમાજમાં પ્રવર્તન થાય તો મનુષ્યનું જીવન સારૂ સુખી અને સંપન્ન બની શકે તેમ છે. ગુજરાત અને પશ્ચિમ ભારત બૌદ્ધ ધર્મ સાથે સંકળાયેલ છે. નિષ્ણાંતોએ નોંધ્યું છે કે સદીઓથી ગુજરાતમાં બૌદ્ધ ધર્મના વિવિધ અવશેષો અસ્તિત્વમાં છે. બૌદ્ધ ધર્મ પાળતા લોકોમાં વૈજ્ઞાનિક અભિગમ અને તર્કશક્તિનો વિકાસ થયો છે. બૌદ્ધ ધર્મ એક વૈશ્વિક ધર્મ છે જે માનવ તરીકેનો દરજ્જો આપે છે સન્માનપૂર્વક જીવન જીવવાનો અધિકાર આપે છે. બૌદ્ધ ધર્મના અનુયાયીઓ પંચશીલ સિદ્ધાંતોને અનુસરે છે બૌદ્ધ ધર્મનો વિજ્ઞાન સાથે નજીકનો નાતો હોવાની માન્યતા રહેલી છે તેથી આ ધર્મ સાથે સંકળાયેલા લોકોમાં અંધશ્રદ્ધા અને કુરિવાજોનું પ્રમાણ ઘટતું હોવાનું જાણવા મળે છે.

- ડો. પંકજકુમાર એમ મુછડીયા રાજકોટ

# માથાભારે ભાડુઆતનાં કબજામાંથી જૂનાગઢ પોલીસે દુકાન ખાલી કરાવી સિનિયર સીટીઝનને રાહત આપી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૪



જૂનાગઢ રેન્જના આઈજીપી મનીંદર પ્રતાપ સિંહ પવાર તથા જૂનાગઢ પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા સામાન્ય પ્રજાના લોક માનસ ઉપર પોલીસની એક સારી છાપ પડે અને "પોલીસ પ્રજાનો મિત્ર છે" એ સૂત્ર સાર્થક બને તેવા પ્રજા કલ્યાણ તથા પ્રજા ઉપયોગી કાર્યવાહી કરવા જિલ્લાના તમામ પોલીસ અમલદારોને સૂચના કરવામાં આવેલ છે. જૂનાગઢ શહેરના સબોધનગર, ઝાંઝરડા રોડ ઉપર રહેતા અને ઝાંઝરડા ચોકડી ઉપર જ એક કોમ્પલેક્ષમાં દુકાન ધરાવતા અને નિવૃત બંદર ખાના કર્મચારી તરીકે જીવન જીવતા ૭૦ વર્ષીય સિનિયર સીટીઝનએ પોતાના પુત્ર કે જે સિક્યુરિટીમાં પ્રાઈવેટ નોકરી કરે છે, તેની સાથે જૂનાગઢ ડિવિઝનના ડીવાયએસપી પ્રદિપસિંહ જાડેજાને મળી, પોતે પોતાના રીટાયર્ડમેન્ટ દરમ્યાન ખર્ચ માટે ભાડાની આવક થાય તેવા હેતુથી, છ મહિના પહેલા પોતાની દુકાન રૂા.૩,૫૦૦/-ના ભાડે ધોરાજી ખાતે રહેતા અને જૂનાગઢ ખાતે ઈલેક્ટ્રોનિકસનો ધંધો કરતા ભાડુઆતને ભાડે આપી હતી. આ ભાડુઆત માથાભારે હોય, બે મહિના ભાડું આપેલું અને ત્યારબાદ બીજા પેટા ભાડુઆતને દુકાન બારોબાર ભાડે આપી દીધી અને ભાડું આપવાનું બંધ કરી દીધેલું. એ પછી ત્રીજા ભાડુઆતને દુકાન માલિક સિનિયર સિટીઝનને જાણ કર્યા વગર આપી, ત્યાં એક લેડિઝને બેસાડી દીધી. મુખ્ય ધોરાજીના ભાડુઆતને ફોન કરતા, દુકાનનું કોઈ ભાડું દેવાનું નથી અને દુકાનમાં જશો તો, દુકાને બેસેલ લેડીઝ મારફતે છેડતીની ફરિયાદ કરવાની ધમકી આપી, મોબાઈલ ફોન ઉપાડવાના બંધ કરી દીધા હતા. પોતાને દુકાનની જરૂરિયાત પડતા, દુકાન ખાલી કરવાનું કહેતા, ભાડું આપવાનું પણ સાવ બંધ કરી દીધું હતું. દુકાન ખાલી કરવા જણાવતા, ભાડુઆત દ્વારા જુદા જુદા બે પેટા ભાડુઆત તરીકે માથાભારે શખ્સોને દુકાન ભાડે આપી, માથાભારે શખ્સો દ્વારા દુકાન ઉપર મહિલાને બેસાડી, તારે જાવું હોય ત્યાં જા, દુકાન ખાલી કરવાની નથી, તેવું જણાવી ભાડુઆત દ્વારા દુકાન ઉપર બેસેલ મહિલા દ્વારા છેડતીની ફરિયાદ કરવાનું પણ જણાવી, દુકાન પચાવી પાડવાની પેરવી કરતા અને છેલ્લા ઘણા સમયથી ભાડું પણ ના આપતા હતા. બંદર ખાતામાં નોકરી કરી, રિટાયર્ડ થયેલ અને વૃદ્ધાવસ્થામાં જીવન ગુજારતા અરજદાર કોઈ માથાકૂટ કરી શકે તેમ ના હોય, પોતાને પોતાની દુકાન ખોવાનો વારો આવતા, તેઓ મુંઝાયા હતા અને પોતાની વર્ષોની મરણ મૂડી સમાન કમાણીમાંથી ખરીદ કરેલ દુકાન પચાવી પાડવાનો ભય લાગતા, ગળગળા થઈને રજૂઆત કરવામાં આવેલ હતી. જૂનાગઢ ડિવિઝનના ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ શહેરના બી ડિવિઝન પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ એન.આર.પટેલ, પીએસઆઈ જે.એચ.કછોટ, સ્ટાફના હે.કો. ધાનીબેન સહિતની ટીમ દ્વારા અરજદારની રજૂઆત આધારે પ્રથમ ભાડે રાખી, ખાલી નહીં કરેલ ભાડુઆત તેમજ પેટા ભાડુઆત માથાભારે વ્યક્તિ કે જેઓ ત્રણેય દ્વારા દુકાન ઉપર બળજબરીથી કબ્જો કરેલ, તેઓ ત્રણેય મહિલા સહિત ભાડુઆત ઉપર લેન્ડગ્રેબિંગના કાયદા હેઠળ ગુન્હો દાખલ કરાવા દબાણ લાવતા, પોલીસની ભાષામાં સમજાવતા, ભાડુઆત અરજદાર સિનિયર સિટીઝનની દુકાન સોંપવા માટે તૈયાર થઈ ગયેલ હતો અને દુકાન ખાલી કરી, દુકાનની ચાવી સોંપી આપેલ હતી. બંદર ખાતામાંથી નિવૃત્ત થયેલ એવા વયોવૃદ્ધ સિનિયર સીટીઝન અરજદાર દ્વારા જૂનાગઢ પોલીસનો આભાર વ્યકત કર્યો હતો. જૂનાગઢ પોલીસ દ્વારા પણ પોતાની ફરજ ગણાવી, અરજદારોને પોતાની દુકાન યોગ્ય વ્યક્તિને ભાડે આપવા અને તકેદારી રાખવા વિનંતી પણ કરવામાં આવેલ હતી. અરજદારને પોલીસનો આવો અનોખો અનુભવ અને પોતાના જિંદગીના કમાણી સમાન દુકાનનો કબ્જો પરત મળતા, ખૂબ જ આનંદિત થઈ, અરજદાર દ્વારા આનંદ વ્યક્ત કરી, જો પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવેલ ના હોત તો, પોતાની જિંદગીની કમાણી સમાન દુકાન હાથમાંથી જતી રહેત, એવી લાગણી વ્યક્ત કરી, કામ કરનાર જૂનાગઢ પોલીસ સ્ટાફનો વારંવાર આભાર વ્યકત કરતા હોય, જોષિપુરા પોલીસ ચોકી ખાતે ભાવવાહી દ્રશ્યો સર્જાયા હતા. સિનિયર સીટીઝન અરજદાર દ્વારા ભૂતકાળમાં પણ દુકાનપરત આપવા આજીજી કરેલ હતી, પરંતુ ભાડુઆત દ્વારા ધમકીઓ આપી, પાછા પાડી દેતો હતો તેમજ ફોન ઉપાડવાના બંધ કરી, મહિલાને દુકાનમાં બેસાડી, છેડતીની ફરિયાદ કરવાની ધમકીઓ આપતા, અરજદાર ફફડી ગયા હતા. પરંતુ, આ વખતે બી ડિવિઝન પોલીસની ટીમના પીએસઆઈ જે.એચ. કછોટ તથા પોલીસ ટીમ દ્વારા પોલીસનું અસલ રૂપ દેખાડી દેતા, માથાભારે ભાડુઆત શાનમાં સમજી ગયો હતો અને દુકાનમાલિકને ચાવી આપી, દુકાન પરત આપવા સહમત થયો હતો. જૂનાગઢ જિલ્લાના પોલીસ અધિક્ષક રવિ તેજા વાસમ શેટ્ટીની સૂચનાથી જૂનાગઢ પોલીસ દ્વારા સિનિયર સિટીઝન અરજદારને પોતાની દુકાનનો કબ્જો પરત અપાવી, સુરક્ષા સાથે સેવાનું ઉત્તરદાયિત્વ નિભાવી, પોલીસ પ્રજાની મિત્ર છે, એ સૂત્ર જૂનાગઢ જિલ્લા પોલીસએ ફરીવાર સાર્થક કર્યું હતું.

# ખાતેદાર ખેડૂત કે સંતાનનું અકસ્માતમાં મૃત્યુ કે કાયમી અપંગતાના કિસ્સામાં રૂા.૨ લાખની સહાય મળવાપાત્ર

## જૂનાગઢ જીલ્લાના ૪૯ ખાતેદાર ખેડૂતોને રૂા.૯૮ લાખની સહાય ચૂકવાય

જૂનાગઢ, તા.૧૪

ખેડૂતોના હિત માટે રાજય સરકાર કટ્ટીબધ્ધ છે. વિવિધ યોજના થકી ખેડૂતોને સહાય ચુકવવામાં આવે છે. જૂનાગઢ જિલ્લાના ખેડૂતોને વિવિધ ખેડૂતલક્ષી યોજનાનો લાભ આપવામાં આવે છે. જેમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ જિલ્લામાં ૪૯ ખાતેદાર ખેડૂતોને રૂા.૯૮ લાખની સહાય ચૂકવવામાં આવી છે. આ યોજનામાં અકસ્માતના કારણે મૃત્યુ કે કાયમી અપંગતાના કિસ્સામાં રૂા.૨ લાખની સહાય આપવામાં આવે છે.

રાજય સરકારની ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજનામાં ખાતેદાર ખેડૂત કે તેના કોઈપણ સંતાનનું અકસ્માતે મૃત્યુ કે કાયમી સંપૂર્ણ અપંગતાના કિસ્સામાં રૂા.૨ લાખની સહાય આપવામાં આવે છે. અકસ્માતને કારણે બે આંખ કે બે અંગ અથવા હાથ-પગ ગુમાવવાના કિસ્સામાં તેમજ એક આંખ અને એક અંગ ગુમાવવા કિસ્સામાં રૂા.૨ લાખની સહાય આપવામાં આવે છે. જ્યારે એક આંખ અથવા એક અંગ ગુમાવવાના કિસ્સામાં રૂા.૧ લાખની સહાય આપવામાં આવે છે.

આ યોજનામાં ખાતેદાર ખેડૂતના પ્રથમ હયાત સંતાન(પુત્ર/પુત્રી)ના બદલે ખાતેદાર ખેડૂતના કોઈપણ સંતાનનો સમાવેશ કરવામાં આવે છે. આથી હવે યોજના અંતર્ગત રાજયના તમામ ખાતેદાર ખેડૂતો, કે તેમના સંતાનો તેમજ ખેડૂતના પતિ-પત્નીનો સમાવેશ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. કોઈપણ સંતાન એટલે કે વ્યક્તિગત કે સંયુક્ત ખાતા ધરાવતા તમામ ખેડૂતોના પોલીસી વર્ષ દરમ્યાન જેટલા સંતાન અકસ્માતે મૃત્યુ કે કાયમી અપંગતા પામે તે તમામને આ યોજનાનો લાભ મળે છે. મૃત્યુ/કાયમી અપંગતા થાય ત્યારે વ્યક્તિગત કે સંયુક્ત ખાતા ધરાવતા તમામ ખાતેદાર ખેડૂતો એટલે કે મહેસુલ રેકર્ડ પ્રમાણે ૭/૧૨, ૮-અ અને ગામ નમુના નં-૬(હક્ક પત્રક)માં અકસ્માતે મૃત્યુ કે કાયમી અપંગતાની તારીખ સુધીમાં પાકી નોંધ પ્રમાણિત થયેલ હોય તેવા તમામ ખાતેદાર ખેડૂતે કોઈપણ સંતાન તેમના પતિ-પત્નીને આ યોજનાનો લાભ મળશે.

**સહાય કોને મળવાપાત્ર**

વ્યક્તિગત કે સંયુક્ત નામે જમીન ધારણ કરનાર બધા જ ખાતેદાર ખેડૂતો, ખાતેદાર ખેડૂતના કોઈ પણ સંતાન (પુત્ર/પુત્રી) તેમજ ખાતેદાર ખેડૂતના પતિ/પત્નીનું અકસ્માતે મૃત્યુ કે કાયમી અપગંતાના કિસ્સામાં તેઓની ઉંમર ૫ થી ૭૦ વર્ષની હોય તેમને યોજનામાં લાભ મળવાપાત્ર છે.

**મુખ્ય શરતો**

● મૃતક અથવા કાયમી અપંગ વ્યક્તિ પોતે ખાતેદાર ખેડૂત (વ્યક્તિગત કે સંયુક્ત નામે જમીન ધારણ કરેલી હોય) અથવા ખાતેદાર ખેડૂત સંતાન (પુત્ર/પુત્રી) અથવા ખાતેદાર ખેડૂતના પતિ/પત્ની હોવા જોઈએ.

● મૃત્યુ અથવા કાયમી અપંગતા અકસ્માતના કારણે થયેલ હોય.

● આપઘાત કે કુદરતી મૃત્યુનો આ યોજનામાં સમાવેશ થતો નથી.

● મૃતક અથવા કાયમી અપંગ વ્યક્તિની ઉંમર ૫ થી ૭૦ વર્ષની હોવી જોઈએ.

● ૧૫૦ દિવસ માં સંબંધિત જિલ્લા ખેતીવાડી અધિકારીની કચેરીમાં અરજી કરેલ હોવી જોઈએ.

**આ યોજનાનો લાભ કેવી રીતે મળે**

અકસ્માતે મૃત્યુના કિસ્સામાં ખાતેદાર ખેડૂતના વારસદારે અને અકસ્માતે અપંગતાના કિસ્સામાં ખાતેદાર ખેડૂતે નિયત નમુનામાં નીચે મુજબના સાધનિક કાગળો સહિતની અરજી મૃત્યુ તારીખથી ૧૫૦દિવસની અંદર સંબંધિત જિલ્લા ખેતીવાડી અધિકારી, જિલ્લા પંચાયતે કરવાની રહેશે. ૧૫૦ દિવસ બાદ મળેલ અરજી માન્ય રાખવામાં આવશે નહીં.

**દાવા અરજી સાથે જોડવાના જરૂરી દસ્તાવેજો યાદી**

● અકસ્માતે મૃત્યુ / કાયમી અપંગતા વીમા સહાય મેળવવા માટેની નિયત નમુનાની અરજી

● ૭/૧૨, ૮-અ, ગામના નમુના નં.૬ (હક્ક પત્રક) (મૃત્યુ તારીખ પછીના પ્રમાણિત ઉતારા)

● પી.એમ. રીપોર્ટ

● એફ.આઈ.આર, પંચનામા રીપોર્ટ, પોલીસ ઈન્કવેસ્ટ પંચનામુ અથવા કોર્ટ હૂકમ

● મૃતકનું મરણનુ પ્રમાણપત્ર, ઉંમરનો પૂરાવો

● સબડીવીઝનલ મેજીસ્ટ્રેટ દ્વારા કેસ એપ્રુવ કર્યા અંગેનો રીપોર્ટ

● કાયમી સંપૂર્ણ અપંગતાના કેસમાં મેડીકલ બોર્ડ/ સિવિલ સર્જનનું ફાઈનલ એસેસમેન્ટ દર્શાવતું પ્રમાણપત્ર તથા અપંગતા બતાવતો પોસ્ટકાર્ડ સાઈઝનો ફોટોગ્રાફ

● મૃતક અકસ્માત સમયે વાહન ચલાવતા હોય તો તેમનુ વેલીડ ડ્રાઈવીંગ લાયસન્સ,

● બાંહેધરી પત્રક

● પેઢીનામુ

● વારસદારના કેસમાં અસલ પેઢીનામુ (પતિ / પત્ની વારસદાર ના હોય તેવા કિસ્સામાં)

● વીમા નિયામક દ્વારા માંગવામાં આવે તે.

# વેરાવળમાં ફિશિંગ યુનિટમાં કામ કરતી મહિલાઓ માટે સેમિનાર યોજાયો





વેરાવળ, તા.૧૪

વેરાવળમાં કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી સંદર્ભે અને મહિલાલક્ષી યોજનાઓની જાણકારી આપતો સેમિનાર જિલ્લા મહિલા અને બાળ કચેરી દ્વારા યોજવામાં આવ્યો હતો. શહેરના ભીડિયા ખાતેના કેવટ ભુવનમાં યોજાયેલા આ સેમિનારમાં વિવિધ ફિશિંગ યુનિટોમાં કામ કરતી મહિલાઓને ધારાશાસ્ત્રીશ્રી અને દહેજ પ્રતિબંધક અધિકારીશ્રી દ્વારા કામકાજના સ્થળે સ્ત્રીઓની જાતિય સતામણી (અટકાયત,પ્રતિબંધ અને નિવારણ) અધિનિયમ-૨૦૧૩ અંગેની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. તેમજ વ્હાલી દિકરી, ગંગા સ્વરૂપા આર્થિક સહાય અને પુનઃલગ્ન યોજના, સખી વન સ્ટોપ સેન્ટર, પોલીસ સ્ટેશન બેઈઝ્ડ સપોર્ટ સેન્ટર, ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પ લાઈન, મફત કાનુની સેવા વગેરેની જાણકારી આપવામાં આવી હતી. આ તકે પ્રભાસ પાટણ-વેરાવળ સયુંકત નગરપાલિકાના પ્રમુખ પિયુષભાઈ ફોફંડી, ઉપપ્રમુખ કપિલભાઈ મહેતા, પૂર્વપ્રમુખ મંજુલાબેન સુયાણી, જિલ્લા દહેજ પ્રતિબંધક અધિકારી આર.એમ.જીંજાળા, વકીલ બકુલાબેન ડાભી, નગરસેવક પરેશભાઈ કોટિયા, ભીડિયા ખારવા સમાજ ના પટેલ હરિભાઈ ડાલકી, બાળ વિકાસ યોજના અધિકારી મંગળાબેન મહેતા અને ફિલ્ડ ઓફીસર વિપુલભાઈ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ પ્રોપર્ટી કન્સલ્ટન્ટ એસીસીએશનનાં પ્રેસિડેન્ટ તરીકે કેવલભાઈ ત્રિવેદીની વરણી









(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ,તા.૧૪

જૂનાગઢ જીલ્લામાં મિલકત લે - વેચનો વ્યવસાય કરતા પ્રોપર્ટી કન્સલ્ટન્ટ ભાઈઓની જૂનાગઢમાં પહેલી મિટિંગ મળી હતી જેમાં જેપીસીએ જૂનાગઢ પ્રોપર્ટી કન્સલ્ટન્ટ એસોસિએશનની સ્થાપના કરવામાં આવી છે. આ પ્રસંગે આમંત્રણને માન આપી જૂનાગઢનાં નામાંકિત બિલ્ડર વિનુભાઈ અમીપરા, મનિષભાઈ સંઘવી અને સમીરભાઈ રાજાએ હાજરી આપી હતી તેમજ જૂનાગઢના દરેક એરિયામાં પોતાની આગવી ઓળખ ધરાવતા જૂના અને અનુભવી તમામ પ્રોપર્ટી કન્સલ્ટન્ટ ભાઈઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. સાથોસાથ રાજકોટથી આરપીસીએ ગૃપનાં કમિટી મેમ્બરઓએ ખાસ ઉપસ્થિત રહી જેપીસીએને પોતાનો સહકાર આપ્યો હતો અને આગામી સમયમાં સૌરાષ્ટ્ર - કચ્છનું ખૂબ મોટું એસોસિએશન બનાવવાની જાહેરાત કરી હતી.

આ તકે દરેક ઉપસ્થિત મહેમાનોનું જેપીસીએ ગૃપ વતી કેવલભાઈ ત્રિવેદી (દ્વારકેશ એસ્ટેટ) એ સ્વાગત કર્યુ હતું અને જેપીસીએ ગૃપ વિશે સંપૂર્ણ માહિતી આપી દરેક પ્રોપર્ટી કન્સલ્ટન્ટ ભાઈઓને મોટી સંખ્યામાં ગ્રુપમાં જોડાવા માટે અને બીજા મિત્રોને જોડવા માટે અનુરોધ કર્યો હતો. ત્યારબાદ બિલ્ડર વિનુભાઈ અમીપરાએ એકતા અને સંગઠન સાથે કામ કરવાથી શું ફાયદાઓ થઈ શકે છે તેના વિશે તેમનાં અનુભવો કહ્યા હતા તથા બિલ્ડર મનિષભાઈ સંઘવીએ પણ ગૃપને શુભેચ્છાઓ આપી હતી. જેપીસીએ જૂનાગઢ પ્રોપર્ટી કન્સલ્ટન્ટ એસોસિયેશનના મેમ્બરોની મળેલ આ બેઠકમાં એસોસિએશનના હોદ્દેદારોની નિયુક્તિ કરવામાં આવી હતી જેમાં પ્રેસિડેન્ટ તરીકે કેવલભાઈ ત્રિવેદી (દ્વારકેશ એસ્ટેટ)ની પસંદગી કરવામાં આવી હતી.

આ તકે જેપીસીએ ગૃપ વતી કેવલ ત્રિવેદી (દ્વારકેશ એસ્ટેટ)એ ખૂબ અનુભવી અને સિનિયર પ્રોપર્ટી કન્સલ્ટન્ટ વડીલોઓનું સન્માન કરી તેમની નોંધ લીધી હતી. અંતે આભાર વ્યક્ત કરી દરેક મહેમાનોએ સાથે ભોજન લઈ મિટિંગ પૂર્ણ કરી હતી. એસોસિએશનમાં જોડાવા માટે કેવલભાઈ ત્રિવેદી (દ્વારકેશ એસ્ટેટ) નો સંપર્ક કરવા જણાવેલ છે.

# નર્સો એ હોસ્પીટલની કરોડરજજુ છે : ડો.જગદિશ ખોયાણી

## વોકહાર્ટ હોસ્પીટલ્સ દ્વારા આંતરરાષ્ટ્રીય નર્સ દિવસની ઉત્સાહભેર ઉજવણી




(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ,તા.૧૪

તા ૧૨મી મેના રોજ નર્સીંગ સેવાના પ્રણેતા, સ્થાપક અને વિશ્વભરમાં દયાની દેવી તરીકે પ્રસિધ્ધ ફ્લોરેન્સ નાઈટીંગેલનો જન્મદિવસ હોય તે દિવસને આખા વિશ્વની હેલ્થ કેર ઈન્ડસ્ટ્રીઝમાં ઈન્ટરનેશનલ કાઉન્સીલ ઓફ નર્સીસ દ્વારા નક્કી થયા મુજબ આંતરરાષ્ટ્રીય નર્સીસ દિવસ તરીકે ઉજવવામા આવે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ વોક્હાર્ટ હોસ્પિટલ ખાતે આ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ દિન નિમીતે સાંસ્કૃતિક કાર્યક્રમ,અલગ અલગ ગેમ્સનુ આયોજન કરવામાં આવેલ હતું ત્યારબાદ નર્સીંગ સ્ટાફનું સન્માન અને પ્રોત્સાહન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે અશોક ગોંધીયા મેમોરીયલ ટ્રસ્ટના એકઝેકયુટીવ સેક્રેટરી બળવંતભાઈ દેસાઈ ખાસ ઉપસ્થિતી રહેલ હતા અને હોસ્પિટલના નર્સીંગ સ્ટાફની કામગીરીને બીરદાવેલ હતી. ત્યારબાદ હોસ્પિટલના સેન્ટર હેડ ડો.જગદિશ ખોયાણી દ્વારા જે નર્સીંગ સ્ટાફને ૫,૧૦ અને ૧૫ વર્ષ પુર્ણ થયા છે જેમાં રાહુલભાઈ ભટ્ટ (૫ વર્ષ), રૂપલબેન જોશી (૫ વર્ષ), વીરભદ્રા(૧૦ વર્ષ) શીજા વર્ગીસ (૧૫ વર્ષ)ને સોનાના સિકકાઓનું વિતરણ કરી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત નર્સીંગ દિનની ઉજવણી કેકકટીંગ અને સમુહ ભોજન લઈ કાર્યક્રમ પુર્ણ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનું સફળ સંચાલન વોકહાર્ટ હોસ્પિટલની ટીમ એચ.આર. દ્વારા કરવામાં આવેલ હતું. નર્સીંગ સ્ટાફનો આરોગ્યના ક્ષેત્ર ખુબ જ મોટો ફાળો રહેલો છે. માનસિક, શારીરિક અને સામાજીક આ બધી રીતે નિપુર્ણ અને અનુભવી હોવુ ખુબ જ જરૂરી છે. નર્સોએ આ કોરોના કાળના સમયમાં ઉમદા ઉદાહરણ પુરૂ પાડેલ છે. હાલની પસ્થિતીમાં એકલા પડેલા દર્દીઓને સહાનુભુતિ, હિંમત, દિલાસો આપવો અને તેની સંભાળ લેવી એ એક વધારાનો ગુણ સ્થાપીત કર્યો છે. નર્સોએ હોસ્પિટલની કરોડરજજુ છે અને તેવો સમાજમાં આરોગ્યની બાબતે સારો બલદાવ લાવશે તેઓ હંમેશા બીમારીઓ સામે લડ્યા છે અને દર્દીઓને કરૂણાથી સારવાર આપે છે. જેઓ ફકત દર્દીઓના કલ્યાણ માટે જ પ્રયત્નો કરે છે અને દર્દીને હંમેશા હકારાત્મકતા અને પ્રોત્સાહીત કરે છે.માંદગીને મટાડવી એ એકમાત્ર સિધ્ધાંત છે.

# જૂનાગઢમાં કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અધિનિયમ-૨૦૧૩ અંગે સેમિનાર યોજાયો

## કયાં અરજી કરવી, કેટલા દિવસમાં કરવી સહિતનું કાયદાકીય માર્ગદર્શન અપાયું



જૂનાગઢ, તા.૧૪

જૂનાગઢ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી તથા લાઈફ સંસ્થા દ્વારા શહેરના જેનેલી શોપિંગ સેન્ટર ખાતે કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી(અટકાયત, પ્રતિબંધ અને ફરિયાદ નિવારણ) અધિનિયમ-૨૦૧૩ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહેનોને કામકાજના સ્થળ ઉપર ક્યા પ્રકારની દુરવ્યવહારને જાતીય સતામણી કહેવાય જો આ પ્રકારની સતામણીનો ભોગ બહેન બને છે. તો આની અરજી ક્યા સ્થળ ઉપર કરી શકે, કેટલા દિવસમાં કરી શકે, તેના માટે શુ કાયદાકીય જોગવાઈ હોય છે. તેમાં દંડ અને સજાના શું પ્રાવધાનો હોય છે. તેની વિસ્તૃત સમજ સાથે કાયદા નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અધિનિયમ-૨૦૧૩ હેઠળ ૧૦ કરતા વધારે મહિલા હોય તો પોતાની ઓફિસમાં સમિતિની રચના કરી ફરિયાદ નોંધાવી શકે છે. ૩ મહિનાની અંદર ફરિયાદ નોંધાવી શકે છે. અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતી મહિલા તાલુકામાં સમિતિમાં ફરિયાદ નોંધાવી શકે અને જિલ્લામાં કલેક્ટર કચેરીમાં આ ફરિયાદ નોંધાવી શકે છે. જેમાં દંડની જોગવાઈ ફરિયાદ થયા પછી સમિતિના સભ્ય નક્કી કરે છે.

આ સેમિનારમાં દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારી, જિલ્લા કાનુની સેવા સત્તા મંડળના એડવોકેટ, લાઈફ સંસ્થાના પ્રતિનિધિઓ અને મોટી સંખ્યામાં અસંગઠિત કામદાર બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# ખંભાળિયા ગ્રાહક સુરક્ષા મંડળની રજુઆત સફળ : ગાંઠીયાનાં ભાવ ઘટશે



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૪

ખંભાળિયામાં ફરસાણના વેપારીઓ- રેંકડીધારકો દ્વારા ગ્રાહકો પાસેથી ગાંઠિયાના રૂા.૪૦૦ સુધી લેવામાં આવતા હોવાથી ખંભાળિયા ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ દિલીપસિંહ ચાવડા દ્વારા અહીંના જિલ્લા કલેકટરને ગેરવ્યાજબી મનાતા આ ભાવ વધારા ઉપર નિયંત્રણ લાવી, ગ્રાહકોનું શોષણ થતું અટકાવવા રજુઆત કરવામાં આવી હતી. આ રજુઆત જિલ્લા પુરવઠા અધિકારીએ અહીંના મામલતદારને ઘટતા પગલાં લઈને ફરસાણધારકોની બેઠક રાખી વ્યાજબી ભાવ બાંધણું કરવા જણાવતા આના અનુસંધાને ગઈકાલે ગુરૂવારે અહીંના મામલતદાર કે.જી. લુક્કાએ શહેરના ફરસાણના વેપારીઓ, રેંકડીધારકો સાથે એક બેઠક યોજી, સ્વૈચ્છીક રીતે ફરસાણના ભાવ ઘટાડવા સૂચન કરતા વેપારી રેંકડીધારકોએ હવે રૂા.૪૦૦ના બદલે રૂા.૩૬૦ ભાવ નક્કી કરતા હવે ગરમ ગાંઠીયાના ૪૦ રૂપિયા ઘટાડો કરવાનું નકકી કરવામાં આવ્યું હતું. આ સાથે આ ભાવનું બોર્ડ ગ્રાહક જોઈ શકે તેમ રાખવા, દુકાન-રેંકડીઓમાં ચોખ્ખાઈ રાખવા અહીંના મામલતદાર દ્વારા સુચના આપી હતી. જે વેપારીઓ-રેંકડીધારકોએ માન્ય રાખી હતી. હવે પછી ગરમ ગાંઠિયાના વધુમાં વધુ રૂા.૩૬૦ લેવામાં આવશે તેમજ ઠંડા ફરસાણના ૨૮૦ લેવામાં આવશે તેમ નક્કી કરવામાં આવ્યું હતું. આમ, ગ્રાહક સુરક્ષા મંડળની રજુઆતને સફળતા મળી છે.

# કોડીનાર સોમનાથ એકેડમીનું ગૌરવ

(રાકેશ પરડવા દ્વારા)



વેરાવળ તા.૧૪ : કોડીનાર સોમનાથ એકેડમીએ ૧૨ સાયન્સમાં પોતાનો ડંકો વગાડયો સતત વર્ષોથી સારા પરિણામ આપતી સ્કુલમાં આ વર્ષે ધોરણ ૧૨ સાયન્સમાં ગોહિલ કુલદીપ હસમુખભાઈએ ગુજકેટમાં સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવ્યું જેમાં તેમણે ૧૨૦માંથી ૧૧૧.૨૫ ગુણ પ્રાપ્ત કરેલ અને ૧૨ સાયન્સમાં ૯૯.૭૭ પર્સેન્ટાઈલ સાથે ગીર સોમનાથ જિલ્લામાં બીજો નંબર પ્રાપ્ત કરી સોમનાથ એકેડમીનું ગૌરવ વધારેલ છે. સોમનાથ એકેડમીના પ્રમુખ કરશનભાઈ સોલંકી તેમજ શિક્ષકો દ્વારા તેને અભિનંદન પાઠવેલ હતા.



સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# વડાપ્રધાનની યુરોપીય દેશોની યાત્રા મહત્વપૂર્ણ

યુક્રેન ઉપર રશિયાના હુમલા વચ્ચે ભારતીય વડાપ્રધાનની યુરોપીય દેશોની યાત્રા એટલા માટે મહત્ત્વપૂર્ણ છે, કારણ કે આ હુમલાથી આ જ દેશ સૌથી વધુ પ્રભાવિત છે. તેની પણ અવગણના ન કરી શકાય કે આ દેશ એમ ઈચ્છે છે કે, ભારત રશિયાની એ જ રીતે નિંદા કરે, જે રીતે તેઓ કરી રહ્યા છે. તેમની આ ઈચ્છા બાદ પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું યુરોપના ત્રણ મહત્ત્વપૂર્ણ દેશો-જર્મની, ડેન્માર્ક અને ફ્રાન્સની યાત્રા ઉપર જવું એ દર્શાવે છે કે, આ દેશોની સાથે ભારતની સમજ વધી રહી છે. તેની ખબર એના ઉપરથી પડે છે કે, જ્યાં બર્લિનમાં જર્મન ચાન્સેલરે રશિયન રાષ્ટ્રપતિને યુધ્ધ રોકવાનું કહ્યું, ત્યાં જ ભારતીય વડાપ્રધાને પણ એમ કહેવામાં સંકોચ ન કર્યો કે આ યુધ્ધમાં કોઈની પણ જીત નહીં થાય. તેમનું આ કથન રશિયાને પણ સંદેશ છે. ભારત આ પહેલાં પણ કેટલીય વાર કહી ચૂક્યું છે કે ના તો યુક્રેનની સંપ્રભુતાનું ઉલ્લંઘન થવું જોઈએ કે ના સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટરની અવગણના. નિઃસંદેહ રશિયાના વલણને યોગ્ય ન ઠેરવી શકાય, પરંતુ અમેરિકા અને યૂરોપે પણ તેના ઉપર વિચાર કરવો જોઈએ કે યુક્રેનને નાટોનો હિસ્સો બનાવવાની પહેલે રશિયાને ઉશ્કેરવાનું કામ કર્યું. ડેન્માર્કમાં ભારત-નોર્ડિક સંમેલનમાં ભારતીય વડાપ્રધાનની મુલાકાત આઈસલેન્ડ, ફિનલેન્ડ, સ્વીડન અને નોર્વેના શાસનાધ્યક્ષો સાથે પણ થઈ, તેથી એ આશા રાખવામાં આવે છે કે, તેનાથી ન માત્ર ભારત અને યુરોપીય દેશો વચ્ચે સંબંધો વધુ પ્રગાઢ થશે, બલ્કે યુરોપીય સમુદાયની સાથે મુક્ત વેપાર સમજૂતીની સંભાવના પણ પ્રબળ થશે ભારતીય વડાપ્રધાનની યુરોપ યાત્રા એ પણ દર્શાવે છે કે, યુરોપીય દેશો એ નિષ્કર્ષ ઉપર પહોંચી રહ્યા છે કે, પોતાના પડોશમાં ચીનના આક્રમક અને અતિક્રમણકારી વલણને કારણે ભારત ઈચ્છવા છતાં યુક્રેન સંકટ મામલે તેમના જેવી નીતિ અખત્યાર નથી કરી શકતું. એ સારૂ થયું કે, આ દેશોને પોતાની આ અપેક્ષાની નિરર્થકતાનો પણ આભાસ થઈ ગયો કે ભારતે પોતાની ઊર્જા જરૂરિયાતોની પૂર્તિ રશિયાથી ન કરવી જોઈએ. એવું એટલા માટે થયું, કારણ કે ભારતે એ તથ્યને ઉઘાડું કરી દેવામાં વાર ન લગાડી કે યુરોપીય દેશોના મુકાબલે ભારત બહુ ઓછી ઊર્જા સામગ્રી રશિયાથી આયાત કરી રહ્યું છે. શું એ વિચિત્ર નથી કે યુરોપીય દેશો ભારતને જે ઉપદેશ આપી રહ્યા છે, એના ઉપર પોતે જ શા માટે અમલ નથી કરી રહ્યા ? તેઓને ઉર્જા માટે રશિયાથી ઈંધણ લાવવાની છુટ છે જયારે ભારતને શા માટે ઈંધણ લેવાની ના પાડે છે ? જો તેમની કેટલીક વિવશતા હોય તો પછી ભારતની પણ એવી જ સ્થિતિ છે. એ સારૂ થયું કે, ભારતે યુરોપીય દેશોના બેવડા માપદંડને ખુલ્લું કરવાની સાથે જ તેમને એ પણ યાદ દેવડાવ્યું કે ચીનના અતિક્રમણકારી વલણને લઈને કઈ રીતે તેમના મોંએથી તેના વિરૂધ્ધ એક શબ્દ પણ નહોતો નીકળ્યો.

### યુક્રેન-રશિયા યુદ્ધ વચ્ચે રશિયાને આંચકો

# રશિયાના પાડોશી દેશ ફિનલેન્ડે નાટોમાં જોડાવા કરેલી જાહેરાત

**સ્વીડન પણ નાટોમાં જોડાવા માટે જાહેરાત કરી શકે છે**

હેલસિકી, તા.૧૪

યુક્રેન ઉપર રશિયાના હુમલા બાદ હવે રશિયાના પાડોશી દેશ ફિનલેન્ડે એલાન કર્યુ છે કે, અમે નાટોમાં જોડાવા માટે જઈ રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, રશિયાએ યુક્રેન ઉપર કરેલા હુમલા પાછળનુ એક કારણ યુક્રેનનો નાટો તરફનો ઝુકાવો હતો. રશિયાએ બીજા પાડોશી દેશોને પણ નાટોમાં જોડાવા સામે ચેતવણી આપી હતી. જોકે, ફિનલેન્ડ રશિયાની ચેતવણીને અવગણીને નાટોમાં જોડાશે. ફિનલેન્ડના રાષ્ટ્રપતિ સોલી નીનિસ્ટો અને પીએમ સના મરિને જાહેરાત કરી હતી. જોકે, નાટોમાં જોડાવા માટે આવેદન આપતા પહેલા કેટલીક કાર્યવાહી બાકી છે પણ ફિનલેન્ડનો નિર્ણય રશિયા માટે ચિંતાજનક બની શકે છે. પાડોશી દેશ સ્વીડન પણ આવનારા દિવસોમાં નાટોમાં જોડાવા માટે જાહેરાત કરી શકે છે. ફિનલેન્ડના રાષ્ટ્રપતિ સોલી નીનિસ્ટો અને પીએમ સના મરિને કહ્યું હતું કે, નિર્ણય લેવાનો સમય આવી ગયો છે અને અમે દેશના રાજકીય પક્ષોને જાણકારી આપવા માટે આ વાત શેર કરી રહ્યા છે. નાટોના સભ્ય તરીકે ફિનલેન્ડનુ સંરક્ષણ વધારે મજબૂત થશે. વગર કોઈ વિલંબે હવે ફિનલેન્ડે નાટોમાં જોડાવા માટે અરજી આપવી જોઈએ. આ માટેની જરૂરી કાર્યવાહી આગામી દિવસોમાં પૂરી કરી લઈશું. જો ફિનલેન્ડ નાટોમાં જોડાશે તો રશિયાની બોર્ડર ઉપર નાટોના સુરક્ષાદળો તૈનાત થવાની શકયતા વધી જશે. આ ઉપરાંત સ્વીડન પણ નાટોમાં જોડાયુ તો નાટો દેશોની તાકાત વધશે. કારણકે સ્વીડન પાસે સૌથી શક્તિશાળી વાયુસેનાઓ પૈકીની એક છે.

# નરેશ પટેલનાં રાજકારણ પ્રવેશમાં હજુ પણ સસ્પેન્સ

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૪

છેલ્લા ૬ મહિનાથી નરેશ પટેલ રાજકારણમાં એન્ટ્રી કરશેની વાતે ગરમાવો લાવી દીધો છે. કોંગ્રેસમાં પ્રવેશની વાતો વચ્ચે સતત બેઠકોનો દોર ચલાવી રહ્યા છે. છતાંય હજુ સુધી પોતાનો નિર્ણય જાહેર કરી શકયા નથી. ત્યારે સૂત્રોએ જણાવ્યું હતું કે, દર વર્ષની જેમ આ વર્ષે પણ નરેશ પટેલ છેલ્લી ઘડીએ રાજકારણમાં પ્રવેશની ના પાડી દે તો નવાઈ નહીં કારણ કે, પાટીદાર શ્રેષ્ઠીઓએ એક જ સૂરમાં નરેશ પટેલને જણાવ્યું હતું કે, દરેક પક્ષનાં નેતાઓમાં મા ખોડલધામનાં આંગણે રૂબરૂ મળવા પહોંચે છે એ જ તમારો દબદબો છે. જો કોઈપણ પાર્ટીમાં જોડાશો તો તમારૂ કદ નાનું થઈ જશે અને બીજા પક્ષનાં લોકો તમારાથી દુરી રાખવાનું શરૂ કરી દેશે. તે ઉપરાંત જો નરેશ પટેલ કોઈપણ પક્ષમાં જોડાય તો ખોડલધામ જેવા ધાર્મિક સ્થળ પણ થોડાક અંશે ડેમેજ થઈ શકે છે. એટલે જ લાંબો વિચાર-વિમર્શ બાદ સમાજનાં શ્રેષ્ઠીઓનો સાથે રાખી રાજકારણમાં એન્ટ્રી નહી કરવાનો નિર્ણય લીધો હોવાનું આધારભૂત સૂત્રોએ જણાવ્યું હતું. તેઓ હજુ કોઈ નિર્ણય હાલ તો નહી લે પણ ચૂંટણીની જાહેરાત બાદ તેઓ કોઈપણ પક્ષમાં નહીજોડાય તેની જાહેરાત કરે તો નવાઈ નહી. હાલ તો તમામ પક્ષોની નજર નરેશપટેલ નિર્ણય કરે તેનાં ઉપર છે તે ઉપરાંત પાટીદાર સમાજ પણ નરેશ પટેલનાં નિર્ણયની આતુરતાપૂર્વકરાહ જોઈ રહ્યું છે. હજુ ચૂંટણીને વાર છે છતાંય ગુજરાતમાં ચૂંટણીનો માહોલ જામતો જાય છે. આ પક્ષને ગુજરાતમાં ત્રિપાંખીયો જંગ ખેલાવાનો છે. ગામડાઓમાં આમ આદમી પાર્ટી મજબુત બનાતી જોવા મળી રહી છે. કોંગ્રેસ તુટી રહી છે તે તમામ પાસાઓ નરેશ પટેલે ચકાસી લીધા છે. એટલે જ રાજકારણમાં કોઈ હાલ પડશે નહી તે સમય પારખી ગમે ત્યારે જાહેરાત કરશે. નોંધનીય છે કે, રાજકીય તમામ પક્ષોની બેઠકો યોજી નરેશપટેલ હજુ પણ મગનું મરી પાડતા નથી.



**નરેશ પટેલને સીધી રીતે રાજકીય મેદાનમાં ઝંપલાવવાનો કેમ ડર લાગે છે ?**

ગુજરાતમાં પાટીદાર સમાજનું વર્ચસ્વ ખૂબ જ મોટું છે અનેરાજકીય રીતે પણ પાટીદાર સમાજની પકડ હેવા છતાંનરેશ પટેલ કેમ વિચારી વિચારીને રાજકારણમાં ઝંપલાવી રહ્યા છે. જેની પાછળ કેશુબાપાની નરેન્દ્ર મોદીની સામે પડવાની રાજકીય લડાઈમાં જે સ્થિતિ થઈ છે તેનાથી નરેશ પટેલને પણ ડર છે કે, તેઓની સ્થિતિ પણ કેશુબાપા જેવી થઈ શકે છે. શરૂઆતનાં તબક્કે નરેશ પટેલ કોઈ રાજકીય પાર્ટીમાં જોડાઈ જાય તો હોંશે હોંશે લોકો તેને આવકારી લે પરંતુ ખરા અર્થમાં જયારે ચૂંટણી આવે ત્યારે તેઓ જીતી શકે કે કેમ તે પણ મોટો પ્રશ્ન છે. ભારતીય જનતા પાર્ટીની જે પ્રકારની પકડ છે તેની સામે તે અન્ય કોઈ રાજકીય પાર્ટીમાં જઈ શકે ખરા ? નરેશ પટેલ પોતે પણ માને છે કે, તેમની લોકપ્રિયતા કેશુભાઈ જેટલી તો નથી જ. જો કેશુભાઈ પટેલને ચૂંટણીમાં પાટીદારો એ જ મત ન આપ્યા હોય તો એ જ પાટીદારો નરેશપટેલને પણ મત આપશે કે કેમ ? ખોડલધામનાં પ્રમુખ તરીકે અત્યાર સુધી નરેશ પટેલે જે નામનાં મેળવી છે તે ખોટા રાજકીય નિર્ણયને કારણે ધોવાઈ જાય તેવો ડર તેમને સતાવી રહ્યો છે. સમાજમાં પોતાનું વર્ચસ્વ એ અલગ બાબત છે અનેરાજકીય રીતે પોતાનું કદ બતાવવું એ અલગ બાબત છે.

**લેઉવા પટેલ સમાજની સીધી અસર થાય તેવી બેઠકો ઉપર પણ સર્વે**

ગુજરાતમાં પચાસ કરતા વધુ એવી બેઠકો છે કે, જયાં સીધી રીતો પાટીદારો તેનાં પરિણામ ઉપર અસર કરે છે. જેમાં પણ લેઉવા પટેલ સમાજમાંથી નરેશ પટેલ આવે છે તેની ૨૦ જેટલી બેઠકો છે. લેઉવા પટેલ સમાજની સીધી અસર થાય તેવી બેઠકો ઉપર પણ સર્વે કરવામાં આવી રહ્યો છે. જેથી કરીને એક તાગ મેળવી શકાય કે, પોતાનાં સમાજનાં લોકો સંપૂર્ણ રીતે નરેશ પટેલને રાજકીય ભૂમિકામાં જોવા માટે તૈયાર છે કે કેમ ? તેમજ અન્ય પાટીદાર મતદારો વધારે હોય તે બેઠક ઉપર નરેશ પટેલ સર્વ સંમત છે કે કેમ? તે સિવાય પણ અલગ-અલગ સમાજનાં અગ્રણીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી રહી છે. પ્રશાંત કિશોરની ટીમ દ્વારા એક ચોક્કસ પ્રકારની પ્રશ્નાવલી તૈયાર કરવામાં આવી છે જેનાં આધારે રણનિતી નક્કી કરવામાં આવશે. જો પાટીદોર મતદારો અસર કરી શકે તેવી બેઠકો ઉપર નરેશ પટેલને સર્વ સ્વીકૃત ચહેરા તરીકે સ્વીકારવામાં આવે છે કે કેમ ? તે તપાસો પણ ખૂબ જ જરૂરી છે. પ્રશાંત કિશોરની ટીમ આ બેઠકો ઉપર પણ ખૂબ જ ઝીણવટપૂર્વકનો અભ્યાસ કરી રહી છે.

**પાટીદાર શ્રેષ્ઠીઓનાં કેવા સૂચનો હતા**

આગેવાનોએ નરેશ પટેલને જણાવ્યું હતું કે, રાજગાદી કરતા ખોડલધામનું શિખર ઉંચું છે. રાજસત્તા કરતા ધર્મસત્તા મહાન છે. કોઈપણ પક્ષમાં જોડાવ નહી તમામથી દુર રહો તમે ખોડલધામનાં પ્રણેતા બની રહો, જરૂર જણાય તો પુત્રને આગળ કરો આવા અનેક સૂચનો બાદ નરેશ પટેલ રાજકારણમાં નો એન્ટ્રી કરવાનો અંદર ખાને નિર્ણય લીધો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

**ભાજપે 'આમંત્રણ' બંધ કર્યા**

ભાજપનાં નેતાઓને હવે આમંત્રણ પણ બંધ કરી દેવાની સૂચના આપી છે અને હવે આ ફેકટરને કઈ રીતે ડિસ્કાઉન્ટ કરી શકાય એજોવા પક્ષનાં પાટીદાર નેતાઓને જણાવ્યું છે તથા ઓબીસી, આદિવાસી, ફેકટર પણ મજબૂત બનાવાશે.

**૨૦૧૭માં નરેશ પટેલનાં પુત્રએ કોંગ્રેસનાં ઉમેદવારોને ટેકો જાહેર કર્યો હતો**

વિધાનસભા ૨૦૧૭ની ચૂંટણીમાં પણ નરેશ પટેલે કોઈને ટેકો નહી કરવો અને સંસ્થાને રાજકીય રંગમાં નહી રંગવા દઉંની જાહેરાતો કરી હતી. તો બીજી તરફ તેનાં પુત્રએ કોંગ્રેસનાં ઉમેદવારોનો ખુલ્લા મંચ ઉપરથી ટેકો જાહેર કર્યો હોવા છતાં તમામ ઉમેદવારો હારી ગયા હતા. એ વખતે પણ વ્યકિતગત સંબંધો છે એવું જણાવી રાજકારણ કર્યુ જ હતું.

# જોખમી કચરાના પૂર્નઃ વપરાશ બાબતે હેઝાર્ડસ વેસ્ટ રૂલ્સ(રૂલ-૯) અંતર્ગત સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર સમયબધ્ધ રીતે બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા સુદ્રઢ આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૪

જોખમી કચરાનો અન્ય ઉત્પાદનોમાં કાચા માલ તરીકે વપરાશ માટે હેઝાર્ડસ વેસ્ટ રૂલ્સ(રૂલ-૯)ની મંજૂરીની જરૂર હોય છે. આ મંજૂરી માટેની પડતર અરજીઓનો નિકાલ સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા અપાયેલ સમય મર્યાદામાં પૂર્ણ થાય તે માટે પર્યાવરણ મંત્રી કીરીટસિંહ રાણા તથા રાજ્યકક્ષા મંત્રી જગદીશ વિશ્વકર્મા(પંચાલ)ની ઊપસ્થિતિમાં સમીક્ષા બેઠક ગીર ફાઊન્ડેશન ગાંધીનગર ખાતે તા.૧૧-૫-૨૦૨૨ના રોજ યોજાઈ હતી. આ બેઠકમાં વન અને પર્યાવરણ વિભાગના અધિક મુખ્ય સચિવ, એડિશનલ સેક્રેટરી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધ્યક્ષ અને સભ્ય સચિવ હાજર રહેલ હતા. આ વિષયે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા જણાવ્યા મુજબ, તેઓને કુલ ૮૪૫ અરજીઓ મળેલ હતી. જે પૈકી ૩૪૮ અરજીઓની સ્ટાંડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર (SOP) બની જતા નિકાલ થઈ ગયેલ છે. બાકી રહેલ ૪૯૭ અરજીઓ પૈકી ૧૯૪ અરજીઓને કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે ના મંજુર કરેલ છે અથવા ઔદ્યોગિક એકમ દ્વારા આ અરજીઓ પરત લઈ લીધેલ છે. ૧૦૫ અરજીઓની ડ્રાફટ SOP બની ગયેલ છે અને તે કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને મંજૂરી અર્થે મોકલી આપેલછે. બાકીની ૯૫ અરજીઓના નિકાલ માટે બોર્ડ દ્વારા ૨૪ ટ્રાયલ રન મંજૂર કરેલ છે અને ૭૭ અરજીઓ માટે ઉદ્યોગો પાસેથી માહિતી મંગાવેલ છે અને ૨૬ અરજીઓ ચકાસણી હેઠળ છે. મંત્રી દ્વારા સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડની માર્ગદર્શિકા મુજબ રૂલ-૯ અંતર્ગત બાકી રહેલ અરજીઓના ટ્રાયલરન તથા SoP બનાવવાની કામગીરી ઝડપથી પૂર્ણ કરવા સૂચના આપેલ. આ બાબતે સરકારે કડક વલણ અપનાવી ડિસેમ્બર ૨૦૨૨ સુધીમાં તમામ કામગીરી પૂર્ણ કરવા જણાવેલ છે. પડતર અરજીઓ પૈકી આશરે ૭૭ ઉદ્યોગો દ્વારા SoP બનાવવા માટે જરૂરી માહિતી/ પ્રેઝન્ટેશન ઘણા લાંબા સમયથી જમા કરાવેલ નથી આ તમામ ઉદ્યોગોને તાત્કાલિક નોટીસ આપી દિન-૭ માં માહિતી જમા કરવા માટે સૂચના આપવામાં આવી. અને જો એકમ તે પ્રમાણે ન કરે તો આવી અરજી રદ કરવા સુધીના પગલાં લેવા માટે જણાવવામાં આવેલ છે. વધુમાં ટ્રાયલ રન માટે પૂર્તતા ન કરી રહેલ એકમો સામે પણ કડક પગલાં લેવા માટે પણ સૂચન કરવામાં આવેલ. આગામી ૩ માસમાં ટ્રાયલ રનની કામગીરી ઝડપથી પૂર્ણ કરવા વિવિધ તજજ્ઞ સમિતિનું ગઠન કરવામાં આવેલ છે.

# કોરોનાના ગંભીર ચેપ પછી બચી ગયેલા અડધા લોકોને બે વર્ષ પછી પણ થાક, શ્વાસ કે ઉંઘની સમસ્યાઓ રહે છે : લેન્સેટ અભ્યાસ

(દિલ્હી બ્યુરો)

નવી દિલ્હી તા.૧૪

ધી લેન્સેટ રેસ્પિરેટરી મેડિસિન જર્નલમાં પ્રકાશિત થયેલા સૌથી લાંબા ફોલો-અપ અભ્યાસ અનુસાર, SARSCoV-2 વાયરસથી પ્રથમ વખત સંક્રમિત થયાના બે વર્ષ પછી કોવિડ-૧૯ સાથે હોસ્પિટલમાં દાખલ થયેલા અડધાથી વધુ લોકોમાં ઓછામાં ઓછું એક લક્ષણ જોવા મળે છે. આ સંશોધન ૨૦૨૦માં રોગચાળાના પ્રથમ તબક્કા દરમ્યાન SARS-CoV-2થી ચેપગ્રસ્ત ચીનમાં ૧,૧૯૨ સહભાગીઓને અનુસરે છે. સમય જતાં શારીરિક અને માનસિક સ્વાસ્થ્યમાં સામાન્ય રીતે સુધારો થયો હોવા છતાં, આ અભ્યાસ સૂચવે છે કે, કોવિડ-૧૯ના દર્દીઓ હજુ પણ સામાન્ય વસ્તી કરતાં વધુ નબળા સ્વાસ્થ્ય અને જીવનની ગુણવત્તા ધરાવતા હોય છે. આ ખાસ કરીને લોંગ કોવિડ ધરાવતા સહભાગીઓ માટેનો કેસ છે, જેમને સામાન્ય રીતે હજુ પણ ઓછામાં ઓછા એક લક્ષણ કે સમસ્યા હોય છે જેમાં શરૂઆતમાં બીમાર પડ્યાના બે વર્ષ પછી થાક, શ્વાસ લેવામાં તકલીફ અને ઊંઘની તકલીફનો સમાવેશ થાય છે. કોવિડ-૧૯ની લાંબા ગાળાની આરોગ્ય અસરો મોટે ભાગે અજ્ઞાત રહી છે, કારણ કે અત્યાર સુધીના સૌથી લાંબા ફોલો-અપ અભ્યાસો લગભગ એક વર્ષ સુધી ચાલુ રહ્યા છે. આ અભ્યાસના મુખ્ય લેખક પ્રોફેસર બિન કાઓએ જણાવ્યું હતું કે, અમારા તારણો સૂચવે છે કે, હોસ્પિટલમાં દાખલ થયેલા કોવિડ-૧૯ પછી બચી ગયેલા લોકોમાં જ્યારે તેઓ પ્રારંભિક ચેપથી બચી જાય છે, ત્યારે કોવિડ૧૯માંથી સંપૂર્ણ સ્વસ્થ થવા માટે બે વર્ષથી વધુ સમયની જરૂર છે. તેઓએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, કોવિડ-૧૯ પછી બચી ગયેલા લોકોનું ચાલુ ફોલો-અપ, ખાસ કરીને લાંબા સમય સુધી કોવિડના લક્ષણો ધરાવતા, માંદગીના લાંબા કોર્સને સમજવા માટે જરૂરી છે, જેમ કે પૂર્નઃપ્રાપ્તિ માટેના પુનર્વસન કાર્યક્રમોની જરૂર પડે છે. સંશોધકોએ નોંધ્યું હતું કે, કોવિડ-૧૯ ધરાવતા લોકોના નોંધપાત્ર પ્રમાણને સતત સમર્થન પુરૂ પાડવાની અને રસીઓ, સારવારો અને પ્રકારો લાંબા ગાળાના સ્વાસ્થ્ય પરિણામોને કેવી રીતે અસર કરે છે તે સમજવાની સ્પષ્ટ જરૂરિયાત છે. તેઓએ ૭ જાન્યુઆરીથી ૨૯ મે, ૨૦૨૦ વચ્ચે, છ મહિના, ૧૨ મહિના અને બે વર્ષમાં, વુહાનની જિન યિન-ટેન હોસ્પિટલમાં સારવાર કરાયેલ તીવ્ર કોવિડ-૧૯ સાથેના ૧,૧૯૨ સહભાગીઓના સ્વાસ્થ્યનું મૂલ્યાંકન કર્યું હતું. સંશોધકોએ જણાવ્યું હતું કે, આ મૂલ્યાંકનમાં છ મિનિટની વોકિંગ ટેસ્ટ, લેબોરેટરી પરીક્ષણો અને લક્ષણો, માનસિક સ્વાસ્થ્ય, જીવનની આરોગ્ય સંબંધિત ગુણવત્તા, જો તેઓ કામ ઉપરથી પાછા ફર્યા હોય તો અને ડિસ્ચાર્જ થયા પછી આરોગ્ય-સંભાળના ઉપયોગ વિષે પ્રશ્નાવલિ સામેલ છે. આ ડિસ્ચાર્જ વખતે સહભાગીઓની સરેરાશ ઉંમર ૫૭ વર્ષ હતી, અને ૫૪ ટકા પુરૂષો હતા. સંશોધકોના જણાવ્યા અનુસાર શરૂઆતમાં બીમાર પડ્યાના છ મહિના પછી, ૬૮ ટકા સહભાગીઓએ ઓછામાં ઓછા એક લોંગ કોવિડ લક્ષણની જાણ કરી હતી. ચેપના બે વર્ષ સુધીમાં, આ લક્ષણોના અહેવાલો ઘટીને ૫૫ ટકા થઈ ગયા હતા. સંશોધકોએ જણાવ્યુ હતું કે, થાક અથવા સ્નાયુની નબળાઈ એ મોટાભાગે નોંધાયેલા લક્ષણો હતા અને છ મહિનામાં ૫૨ ટકાથી ઘટીને બે વર્ષમાં ૩૦ ટકા થઈ ગયા હતા. તેમની પ્રારંભિક બીમારીની ગંભીરતાને ધ્યાનમાં લીધા વિના, ૮૯ ટકા સહભાગીઓ બે વર્ષમાં તેમના મૂળ કાર્ય ઉપર પાછા ફર્યા હતા. સંશોધકોએ નોંધ્યું હતું કે, શરૂઆતમાં બીમાર પડ્યાના બે વર્ષ પછી, કોવિડ-૧૯ના દર્દીઓ સામાન્ય રીતે સામાન્ય વસ્તી કરતા નબળા સ્વાસ્થ્યનું જોખમ ધરાવતા હોય છે, જેમાં ૩૧ ટકા થાક અથવા સ્નાયુની નબળાઈ અને ૩૧ ટકાને ઊંઘની તકલીફ હોય છે. કોવિડ-૧૯ના દર્દીઓમાં સાંધાનો દુઃખાવો, ધબકારા વધવા, ચક્કર આવવા અને માથાનો દુઃખાવો સહિતના અન્ય ઘણા લક્ષણોની જાણ થવાની શક્યતા વધુ હતી. લગભગ અડધા અભ્યાસ સહભાગીઓમાં બે વર્ષમાં લાંબા સમય સુધી કોવિડના લક્ષણો જોવા મળ્યા હતા અને લાંબા સમય સુધી કોવિડના ચેપ વિનાના લોકો કરતા તેમની જીવનની ગુણવત્તા ઓછી હોવાનું નોંધવામાં આવ્યું હતું. માનસિક સ્વાસ્થ્ય પ્રશ્નાવલિમાં, ૩૫ ટકાએ પીડા અથવા અસ્વસ્થતા અને ૧૯ ટકાએ ચિંતા અથવા હતાશાની જાણ કરી હતી. લેખકો તેમના અભ્યાસમાં કેટલીક મર્યાદાઓને પણ સ્વીકારે છે. કોવિડ-૧૯ ચેપથી સંબંધિત ન હોય તેવા હોસ્પિટલમાંથી બચી ગયેલા લોકોના નિયંત્રણ જૂથ વિના, અવલોકન કરાયેલ અસામાન્યતાઓ કોવિડ-૧૯ માટે વિશિષ્ટ છે કે કેમ તે નક્કી કરવું મુશ્કેલ છે. સંશોધકોના જણાવ્યા અનુસાર, આ વિશ્લેષણમાં સામેલ સહભાગીઓનું પ્રમાણ થોડું વધે છે જેઓએ ઓક્સિજન મેળવ્યો હતો તે એવી શક્યતા તરફ દોરી જાય છે કે જેમણે અભ્યાસમાં ભાગ લીધો ન હતો. તેઓમાં જેમને ઓકસીજન લીધો નહતો તેમના કરતાં ઓછા લક્ષણો હતા. આના પરિણામે લાંબા સમય સુધી કોવિડ લક્ષણોના વ્યાપનો વધુ પડતો અંદાજ આવી શકે છે.

# વડાપ્રધાન મોદી ખૂબ જ સંવેદનશીલ, તેમણે એકવાર મોરને ખવડાવવા માટે અગત્યની બેઠક અટકાવી દીધી હતી : અમિત શાહ

(દિલ્હી બ્યુરો)

નવી દિલ્હી તા.૧૪

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે વડાપ્રધાન મોદીને અત્યંત સંવેદનશીલ ગણાવ્યા છે અને તેમના વ્યકિતત્વ વિષે જાણકારી આપી હતી. બુધવારે પીએમ મોદીની રાજકીય સફર 'મોદી@20 ડ્રીમ્સ મીટ ડિલિવરી' પુસ્તકના વિમોચન દરમ્યાન અમિત શાહે યાદ કર્યુ કે, મોદીએ ભૂખ્યા મોરનો ભોજન આપવા માટે જરૂરી બેઠક રોકી દીધી હતી. શાહે કહ્યું કે, પક્ષી પોતાની ચાંચથી કાચને મારી રહ્યું હતું તે સમયે પીએમ કાર્યલયમાં બેઠક ચાલી રહી હતી. લગભગ કેટલીક મિનિટ બાદ પીએમ મોદીએ જોયું કે, મોર ભૂખ્યો છે અને તેમણે પોતાના કર્મચારીઓનો પક્ષીઓને ખવાડાવવા માટે કહ્યું હતું. શાહે કહ્યું કે, આટલી ગંભીર બેઠકમાં લાગેલા પીએમ મોર વિશે વિચારે છે, એ દેખાડે છે કે, તેઓ કેટલા સંવેદનશીલ છે. ૨૦૨૦માં પીએમ મોદી દ્વારા પોતાના નિવાસ ઉપર મોરનો ખવડાવવાનો એક વીડિયો સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ ઉપર વ્યાપક રીતે શેર કરાઈ રહ્યો હતો. આ કાર્યક્રમમાં અમિત શાહે મોદીનો કુશળ નેતા ગણાવતા તેમની જોરદાર પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે, મોદી પાસો અનુભવની કમી છતાં રાજ્યના મુખ્યમંત્રી બનાવાયા હતા, જેણે તેમણે કુશળતાથી ચલાવ્યું અનો ઘણી વાર જીત્યા હતા. તેમણે કહ્યું કે, પીએમ મોદીને જ્યારે ભૂકંપ પ્રભાવિત રાજયનો ચલાવવા માટે મુખ્યમંત્રી બનાવાયા ત્યારે પંચાયત ચલાવવાનો પણ અનુભવ ન હતો. તેમ છતાં તેમણે સતત જીત હાંસલ કરી અને રાજયને કુશળતાથી ચલાવ્યું હતું.

# રૂા.૧૯ કરોડના વિમાનના ખરીદ-વેચાણનો વિવાદ ગુજરાત હાઈકોર્ટમાં પહોંચ્યો, ઉડ્ડયન કંપનીઓને નોટિસ, આગામી સપ્તાહે કોર્ટમાં સુનાવણી

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૧૪

ગુજરાત હાઈકોર્ટમાં ૧૯ કરોડ રૂપિયાના એક વિમાનની ખરીદી અને ત્યારબાદ નાણાંની ચૂકવણી અટકી જવા બાબતનો વિવાદ ગુજરાત હાઈકોર્ટના આંગણે પહોંચતા ઉડ્ડયન કંપનીઓ સહિતના પક્ષકારોને નોટિસ કાઢવામાં આવી હતી. આ કેસની વિગતો મુજબ એક્સિયા એવિયેશન લિમિટેડ દ્વારા વેલ્સ એવિયેશન સર્વિસિસને પોતાનું ગલ્ફસ્ટ્રીમ G200 મોડલનું એરક્રાફ્ટ વેચ્યું હતું. બંને કંપનીઓએ ઓગસ્ટ ૨૦૨૧માં વેચાણ-ખરીદ કરાર(SPA) ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. રિઝર્વ બેંક દ્વારા કોઈ કારણોસર મંજૂરી નહીં આપતા વેલ્સ કંપની એક્સિયાને તેનું પેમેન્ટ ચૂકવી શકે તેમ હતી નથી. આનાથી એક્સિયાએ ગાંધીનગરની સિવિલ કોર્ટમાં SPA રદ કરવાની માંગણી કરી. તેણે જેટને ફરીથી કબજે કરવા અને વેલ્સને એરક્રાફ્ટ સાથે વ્યવહાર કરવાથી, તેની નોંધણી કરવા અથવા તેને તૃતીય પક્ષને ભાડે આપવા અથવા વેચવાથી રોકવાની પણ માંગ કરી હતી. એક્સિયાએ એરક્રાફ્ટની જાળવણીના સંદર્ભમાં દિશા-નિર્દેશો પણ માંગ્યા હતા. આ દાવો પેન્ડિંગ હતો તે દરમ્યાન જ વેલ્સે ખુલાસો કર્યો હતો કે, તેણે પિનેકલ એર પ્રાઈવેટ લિમિટેડને જેટ પહેલેથી જ લીઝ ઉપર આપ્યું હતું અને પ્લેન વેલ્સના નામે ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશનમાં નોંધાઈ ગયું છે. હાઈકોર્ટમાં, તમામ પક્ષકારો દાવાના ભાગરૂપે પિનેકલ રાખવા માટે સંમત થયા હતા. હાઈકોર્ટે એક કેસની સુનાવણી કરી અને એક્સિયા અને વેલ્સ પ્રત્યેકને જાળવણી પ્રાથમિક સુનાવણી બાદ ગાંધીનગર કોર્ટમાં મુખ્ય વરિષ્ઠ સિવિલ જજ એચ.વી. જોશીએ ૭ મેના રોજ ઉડ્ડયન કંપનીઓ દ્વારા દાખલ કરાયેલી કેટલીક અરજીઓ ઉપર નિર્ણય લીધો હતો. વેલ્સ અને પિનેકલને જ્યાં સુધી ચુકાદો ના આવે ત્યાં સુધી એરક્રાફ્ટનો નિકાલ કરવા, અલગ કરવા, બોજો નક્કી કરવા અને થર્ડ પાર્ટી રાઈટ ઊભા કરવા સહિતની બાબતોએ મનાઈ હુકમ આપ્યો હતો. ખર્ચનો અડધો ભાગ ચૂકવવાનો નિર્દેશ આપ્યો. તેણે ગાંધીનગરની ટ્રાયલ કોર્ટને અન્ય મુદ્દાઓ ઉપર નિર્ણય લેવાનો નિર્દેશ આપ્યો હતો. જો કે, નીચલી કોર્ટે એક્સિયાની જેટની કબજો મેળવવાની વિનંતીને ફગાવી દીધી હતી. તેણે એક્સિયાને તેના ખર્ચે એરક્રાફ્ટની જાળવણી, સમારકામ અથવા ઓવરહોલ કરવાની પરવાનગી પણ નકારી હતી. કોર્ટે સ્પષ્ટ કર્યું કે આ ખર્ચ ખરીદનાર કંપની અને ભાડે લેનાર દ્વારા ઊઠાવવામાં આવશે. ટ્રાયલ કોર્ટે વેલ્સ અને પિનેકલને એરક્રાફ્ટ સાથે વ્યવહાર કરવાથી રોકી ન હોવાથી, એક્સિયાએ ફરી એકવાર હાઈકોર્ટમાં અરજી કરી. જસ્ટિસ એસ.એચ. વોરા અને જસ્ટિસ મૌના ભટ્ટની બેન્ચે વેલ્સ અને પિનેકલને નોટિસ જારી કરી હતી અને આગામી સપ્તાહે સુનાવણી રાખી હતી.

# ઈઝરાયેલના સહયોગથી ભારતમાં ૭૫ ગામોનું નવનિર્માણ કરવામાં આવશે : કેન્દ્રીય કૃષિ મંત્રી

(એજન્સી)

જેરૂસલેમ તા.૧૪

કૃષિ ક્ષેત્રે ભારત-ઈઝરાયેલ સહકારને "આગામી સ્તર" ઉપર લઈ જવાથી, દેશની ૭૫મી સ્વતંત્રતા વર્ષગાંઠ નિમિત્તે ૭૫ ભારતીય ગામોને ઈઝરાયેલના સહયોગથી આકાર આપવામાં આવશે. ૮ મેથી ચાર દિવસની સત્તાવાર મુલાકાતે ઈઝરાયેલમાં આવેલા તોમર બુધવારે નેસેટ(ઈઝરાયેલની સંસદ) ખાતે તેમના ઈઝરાયેલ સમકક્ષ ઓડેડ ફોરરને મળ્યા હતા. તેઓએ બંને દેશોમાં કૃષિ વિકાસના અવકાશ અને સંભવિતતાને ધ્યાનમાં રાખીને, આધુનિક કૃષિ તકનીકો, ક્ષમતા નિર્માણ, કૃષિ, જળ વ્યવસ્થાપન, પર્યાવરણ અને ગ્રામીણ વિકાસના ક્ષેત્રોમાં જ્ઞાનના ટ્રાન્સફર અને સપોર્ટ સાથે સંબંધિત વિવિધ મુદ્દાઓ ઉપર ચર્ચા કરી હતી. કેન્દ્રીય કૃષિ પ્રધાન નરેન્દ્ર સિંહ તોમરે જણાવ્યું છે કે, ભારત અને ઈઝરાયલ રાજદ્વારી સંબંધોની સ્થાપનાના ૩૦ વર્ષની ઉજવણી કરે છે અને પરસ્પર મુલાકાતો અને અનુભવોના આદાનપ્રદાન દ્વારા ચાલુ દ્વિપક્ષીય ભાગીદારીને વધુ મજબૂત બનાવવામાં આવશે. તોમરે જણાવ્યું હતું કે, ભારત આ વર્ષે તેની ૭૫મી સ્વતંત્રતાની વર્ષગાંઠની ઉજવણી કરી રહ્યું છે, ત્યારે એવું નક્કી કરવામાં આવ્યું છે કે, અમે ઈઝરાયેલના સહયોગથી શ્રેષ્ઠતાના ૭૫ ગામોને આકાર આપીશું અને તે પછી બીજા ૭૫ ગામડાઓનું નિર્માણ કરીશું. ફોરરે પણ ભારતના વિવિધ ભાગોમાં તેમના દેશ દ્વારા સ્થાપિત સેન્ટર્સ ઓફ એક્સેલન્સ(CoE)ને "નેક્સ્ટ લેવલ" ઉપર લઈ જવાની ઈઝરાયેલની ઈચ્છા વ્યક્ત કરી હતી. હાલમાં ભારતમાં ૨૯ સંપૂર્ણ કાર્યરત કેન્દ્રો છે જે ખેડૂતોની ઉપજ વધારવા માટે કૃષિ ક્ષેત્રમાં ઉભરતી તકનીકો ઉપર મહત્વપૂર્ણ માહિતી પ્રદાન કરે છે. ઈઝરાયેલના કૃષિ મંત્રીએ જણાવ્યું હતું કે, નજીકના ભવિષ્યમાં બંને દેશો વચ્ચેના વેપાર સંબંધોને પણ વેગ મળશે. ભારત અને ઈઝરાયેલ આ વર્ષના જૂનના અંત સુધીમાં ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ(FTA)ને અંતિમ સ્વરૂપ આપવાની પ્રક્રિયા પૂર્ણ કરવા સંમત થયા છે. ગયા વર્ષે ઓક્ટોબરમાં જયશંકરની ઈઝરાયેલની મુલાકાત દરમ્યાન વિદેશ મંત્રી એસ જયશંકર અને તેમના ઈઝરાયેલી સમકક્ષ યાયરલેપિડ વચ્ચેની બેઠક દરમ્યાન આ સહમતિ થઈ હતી. તોમરના નેતૃત્વમાં કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયના એક પ્રતિનિધિમંડળે કૃષિ અને બાગાયત ક્ષેત્રે અગ્રણી સંસ્થાઓ અને ટેકનોલોજી કંપનીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરી હતી. પ્રતિનિધિમંડળે ગ્રીન ૨૦૦૦ - એગ્રીકલ્ચરલ ઈક્વિપમેન્ટ એન્ડ નો હાઉ લિમિટેડ અને NETAFIM લિમિટેડની સુવિધાઓની મુલાકાત લીધી જેઓ સમગ્ર વિશ્વમાં સુક્ષ્મ અને સ્માર્ટ સિંચાઈના વિવિધ પ્રોજેક્ટ્સના આયોજન, સેટ-અપ, પરામર્શમાં રોકાયેલા છે. પ્રતિનિધિમંડળે જણાવ્યું હતું કે, ઉચ્ચ મૂલ્યના પાક, શાકભાજી અને ફળો ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને ખેતીમાં ટેક્નોલોજી અને નવીન પ્રક્રિયાઓના ઉપયોગ વિષે શીખવું એ મુલાકાતની વિશેષતા હતી. તોમરે ઈઝરાયેલ એક્સપોર્ટ એન્ડ ઈન્ટરનેશનલ કોઓપરેશન ઈન્સ્ટિટ્યૂટ ખાતે અડધા ડઝનથી વધુ ઈઝરાયેલી એગ્રીટેક સ્ટાર્ટઅપ્સ સાથે રાઉન્ડ ટેબલ ચર્ચા પણ કરી હતી. તેમણે કંપનીઓને ભારતમાં કામ કરવા માટે આમંત્રણ આપ્યું હતું. આ પ્રતિનિધિ મંડળે કૃષિ સંશોધન સંસ્થા(ARO)ની મુલાકાત લીધી હતી જે શુષ્ક પરિસ્થિતિઓમાં ખેતીમાં નિપુણતા માટે જાણીતી છે, નબળી જમીન ઉપર, ગંદા પાણી અને ખારા પાણી દ્વારા સિંચાઈ અને અદ્યતન જંતુ નિયંત્રણ અને સંગ્રહ પદ્ધતિઓનો ઉપયોગ કરીને લણણી પછીના નુકસાનને ઘટાડવા માટે તેની પદ્ધતિ ઉપયોગમાં લેવાય છે. અદ્યતન મેપિંગ અને ફોટોગ્રાફીના સંયોજન સાથે ડ્રોન ટેક્નોલોજીના ઉપયોગ અંગે આ મુલાકાત દરમ્યાન ભારતીય પ્રતિનિધિમંડળ માટે કિબુત્ઝ નાન નજીક ગનેઈઘ્નાન ખાતે દર્શાવવામાં આવ્યો હતો. કૃષિ મંત્રાલયે નિવેદનમાં જણાવ્યું હતું કે, તોમરે ભારતીય સંદર્ભમાં કૃષિમાં તકનીકી પ્રગતિ સંબંધિત વિવિધ મુદ્દાઓ ઉપર ARO નિષ્ણાંતો સાથે વાર્તાલાપ કર્યો હતો. ચર્ચાના મુદ્દાઓમાં સંરક્ષિત વાતાવરણમાં પાકની ખેતી, તાજા પાણીની માછલીની ખેતી, અદ્યતન છોડ સંરક્ષણ તકનીકો, ચોકસાઈવાળી ખેતી, રિમોટ સેન્સિંગ અને લણણીનું વિજ્ઞાન અને ટેક્નોલોજીનો સમાવેશ થાય છે. મંત્રીએ નેગેવ રણ વિસ્તારમાં ભારતીય શાકભાજી ઉગાડતા ભારતીય મૂળના ખેડૂત શેરોન ચેરીની માલિકીના ફાર્મની પણ મુલાકાત લીધી હતી. ખેડૂત નેગેવ રણ વિસ્તારમાં રણ બુટિક ફાર્મ, બેરમિલ્કા ધરાવે છે. તેમણે રામત નેગેવ એગ્રો રિસર્ચ સેન્ટરના ટેક્નિકલ સપોર્ટથી આધુનિક ટેક્નોલોજી અપનાવી છે અને નેગેવ રણમાં શાકભાજી, ફળો અને સુપર ફૂડ ઉગાડી રહ્યા છે. ચેરીએ રણ વિસ્તારમાં નેગેવ એગ્રો રિસર્ચ સેન્ટરના ટેકનિકલ સહયોગથી અત્યંત કઠોર પ્રદેશ અને આબોહવાની પરિસ્થિતિઓમાં ભારતીય શાકભાજી ઉગાડવામાં શ્રેષ્ઠતા દર્શાવી હતી. આ પ્રતિનિધિમંડળે ઈઝરાયેલના વિદેશ મંત્રાલયમાં આંતરરાષ્ટ્રીય વિકાસ સહકાર માટેની એજન્સી MASHAVની એક ટીમ સાથે પણ ચર્ચા કરી હતી. MASHAV વિકાસશીલ દેશોમાં ઈઝરાયેલ રાજ્યના વિશ્વવ્યાપી વિકાસ અને સહકાર કાર્યક્રમોની ડિઝાઈન, સંકલન અને અમલીકરણ માટે જવાબદાર છે.

# ભાજપના સાંસદ સુબ્રમણયમ સ્વામીએ કહ્યું કે, પાડોશી દેશ શ્રીલંકા લીબિયા બની રહ્યું છે, રાજીવ ગાંધીની હત્યાનો સંદર્ભ આપતા આ કટોકટી માટે તેઓએ ક્રાંતિકારી ઉકેલની ભલામણ કરી

(દિલ્હી બ્યુરો)


નવી દિલ્હી તા.૧૪

ભાજપના રાજયસભા સાંસદ સુબ્રમણયમે શ્રીલંકામાં ચાલી રહેલી કટોકટીને ‘લીબિયા આપણા પડોશમાં છે’ ગણાવીને ક્રાંતિકારી ઉકેલની ઓફર કરી છે. સ્વામીએ કહ્યું છે કે, ભારતે ટાપુ રાષ્ટ્ર ઉપર હુમલો કરીને ‘બંધારણ પૂર્નઃસ્થાપિત કરવા’ માટે તેની સેના મોકલવી જોઈએ. તેઓએ રાજીવ ગાંધીના હત્યારાને માફ કરવા બદલ સોનિયા ગાંધી અંગે પણ ટિપ્પણી કરી હતી. સ્વામીએ લખ્યું છે કે, ભારતે બંધારણીય વિવેક પૂર્નઃસ્થાપિત કરવા માટે લંકામાં ભારતીય સેના મોકલવી જોઈએ. હાલમાં ભારત વિરોધી વિદેશી શક્તિઓ લોકોના ગુસ્સાનો ફાયદો ઉઠાવી રહી છે. આ ભારતની રાષ્ટ્રીય સુરક્ષાને અસર કરે છે. છેલ્લી વખત ભારતે શ્રીલંકામાં સેના મોકલી હતી જ્યારે ૮૦ના દાયકામાં રાજીવ ગાંધી દેશના વડાપ્રધાન હતા. આના કારણે ૧૯૯૧માં એલટીટીઈના આતંકવાદીઓ દ્વારા રાજીવ ગાંધીની હત્યા કરવામાં આવી હતી. સ્વામી એવું કહીને સોનિયા ગાંધી ઉપર નિશાન સાધ્યું કે રાજીવ ગાંધીની વિધવા હવે તેમના પતિના હત્યારા નલિનીને માફ કરવા માંગે છે. આ અઠવાડિયે સરકારના સમર્થકો દ્વારા હુમલો કરવામાં આવ્યા બાદ શાંતિપૂર્ણ વિરોધીઓ હિંસક બની ગયા બાદ શ્રીલંકા સંપૂર્ણ અરાજકતામાં ફસાઈ ગયું છે. લોકોએ મંત્રીઓના ઘરોને બાળી નાખ્યા છે, મહિન્દા રાજપક્ષેને દેશના વડા પ્રધાન તરીકે રાજીનામું આપવા માટે પ્રેરિત કર્યા છે. આ હિંસામાં એક સાંસદનું મોત પણ થયું હતું. સ્વામીએ કહ્યું કે હિંસાનો આશરો લેનારાઓ કોઈ દયાને પાત્ર નથી. વડાપ્રધાનના નિવાસસ્થાનોને પણ સળગાવી દેવા, ટોળા દ્વારા સાંસદોને ઠાર મારનાર તોફાનીઓ દયાને પાત્ર નથી. અમે અમારા પડોશમાં બીજા લીબિયાને મંજૂરી આપી શકતા નથી. ભાજપના આ સ્પષ્ટ વકતા રાજકારણીએ ટ્વિટર ઉપર લખ્યું કે, ભારત સાથે શ્રીલંકાના સંભવિત વિલીનીકરણના અહેવાલો અંગે કોઈ પણ શિક્ષિત ભારત આજે શ્રી લંકાના વિલીનીકરણની વાત કરતું નથી. તમિલ ટાઈગર્સે ભારતની આંતરિક બાબતોમાં દખલ કરી હતી અને રાજીવ ગાંધીની હત્યાનું ઘૃણાસ્પદ કૃત્ય પણ કર્યું હતું. અલબત્ત અમે પછી ભારતમાં એલટીટીઈની હાજરી નષ્ટ કરી અને રાજપક્ષ ભાઈઓએ તેમને સંપૂર્ણ રીતે સમાપ્ત કરી દીધા હતા. આ દરમ્યાન, શ્રીલંકાના ઘણા ભૂતપૂર્વ ક્રિકેટરોએ લોકોને હિંસાથી દૂર રહેવા વિનંતી કરી છે, જો કે, તેઓએ દેશમાં આર્થિક કટોકટી સામે વિરોધ પ્રદર્શન કરનારાઓને સમર્થન પણ આપ્યું હતું.



"એ ઓફિસેથી નીકળું છું, નહાવાનું પાણી ફ્રીજમાં મૂકી દેજે !!"

## કાળઝાળ ગરમી વચ્ચે પાણી ખૂટશે



સૌરાષ્ટ્રનાં ૧૪૧ ડેમોમાં હાલ માત્ર ૩૦ ટકા જ પાણી, ૭૦ ટકા ડેમો ખાલી

કાળઝાળ ગરમી વચ્ચે સૌરાષ્ટ્રમાં પીવાનાં પાણીની સ્થિતિ ગંભીર બની રહી છે. સબ સલામતનાં દાવા સરકાર કરી રહી છે પરંતુ ગામડાઓમાં પીવાનું પાણી પુરૂ પાડતા જળાશયોનાં તળીયા દેખાઈ રહયા છે. સૌરાષ્ટ્રનાં ૧૪૧ ડેમોમાં હાલ માત્ર ૩૦ ટકા જ પાણી બચ્યુ છે આશરે ૭૦ ટકા ડેમો ખાલી થઈ ગયા છે. સૌથી ગંભીર સ્થિતિ દેવભૂમી દ્વારકા પંથકની છે આ જિલ્લાનાં ડેમોમાં માત્ર ૩ ટકા જ પાણી હવે રહયુ છે અને હજુ ઉનાળાનાં દોઢેક મહિના જેટલો કપરો સમય કાપવાનો બાકી છે.

## વસ્તી વધારવા જૈન સમાજનું અનોખુ અભિયાન

બીજા-ત્રીજા સંતાનના જન્મ બાદ સમાજ ૧૮ વર્ષ સુધી આપશે રૂપિયા




વિશેષ બારોઈ ગામમાં જૈન સમાજ દ્વારા વસતી વધારવા હમ દો હમારે દો-તીન નો નારો આપવામાં આવ્યો છે. બીજા અને ત્રીજા સંતાન પર દંપતીને રૂ. ૧૦ લાખ પ્રોત્સાહન રૂપે આપવાની જાહેરાત પણ કરાઈ છે. જૈન સમાજની ઘટતી વસ્તીને ધ્યાનમાં લઈને કચ્છ વિસા ઓસવાળ જૈન સમાજ દ્વારા આ જાહેરાત કરવામા આવી છે.

## એક પરિવાર એક ટિકીટ પર કોંગ્રેસની સહમતિ, પણ ગાંધી પરિવાર માટે છૂટછાટ




આજે ઉદયપુરમાં કોંગ્રેસની ચિંતન શિબિરનો પ્રારંભ થયો છે જેમાં એક પરિવારમાં માત્ર એક જ ટિકિટ આપવા પર સહમતિ બની છે પરંતુ ગાંધી પરિવારને છૂટછાટ આપવાની વાત પણ ચાલી રહીં છે. શિબિરમાં આગેવાનોએ કહ્યુ કોંગ્રેસે આક્રમકતાપૂર્વક આત્મવિશ્વાસ સાથે જવાબ વાળવા પડશે. જનતાના મનને પારખીને મુદ્દાઓ ઓળખવા પડશે, જે કામ નવોદિત હોવા છતાં આમઆદમી પાર્ટી હાલ કરી રહી છે. કોંગ્રેસે જૂના પક્ષને મગજમાંથી કાઢી સમયની જરૂરિયાત મુજબ કાયાકલ્પનો આ પડકાર ઉઠાવવો પડશે.

## નીટ-પીજીની પરીક્ષા મોકૂફ નહીં રખાય, સુપ્રીમ કોર્ટે અરજી ફગાવી



સુપ્રીમ કોર્ટે ૨૧ મેના રોજ યોજાનારી આ વર્ષની નીટ-પીજી પરીક્ષાને સ્થગિત કરવાની માંગને ફગાવી દીધી છે. કોર્ટે કહ્યું કે આમ કરવું પરીક્ષાની તૈયારી કરી રહેલા હજારો ડોકટરોના હિતની વિરુદ્ધ હશે. અરજીમાં કહેવામાં આવ્યું હતું કે ૨૦૨૧ની મેડિકલ પીજી એડમિશન પ્રક્રિયા હજુ ચાલી રહી છે. તેથી, ૨૦૨૨ની પરીક્ષા થોડા સમય માટે સ્થગિત કરવી જોઈએ. એડમીશનમાં કરવામાં આવેલ કોઈપણ વિલંબ દર્દીઓની સંભાળ અને હોસ્પિટલોમાં કામ પર અસર કરે છે.

## સફળ પ્રયોગઃચંદ્રની માટી પર ઉગાડવામાં આવ્યો છોડ



નાસાએ સાબિત કર્યુ કે, ચંદ્ર ઉપર થાલ ક્રેસ (સફેદ ફૂલોવાળો એક નાનો છોડ) વિકસિત કરવો સંભવ છે,આ પ્રયોગ ચંદ્ર પર નહી પરંતુ પૃથ્વી પર કરવામાં આવ્યો છે. વૈજ્ઞાનિકોનો દાવો છે કે, ભવિષ્યમાં ચંદ્રમાં પર છોડ લગાવવામાં આવી શકે છે, જે પૃથ્વી પર ઉગાવેલા ફળ અને શાકભાજી કરતા વધુ સ્વાસ્થ્યવર્ધક હોઇ શકે છે. આ પ્રયોગ ફ્લોરિડા વિશ્વવિદ્યાલયના વૈજ્ઞાનિકોએ કર્યો હતો.

## અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડીયમમાં આઈપીએલનો સમાપન સમારોહ યોજાશે



આઈપીએલમાં ટૂંક સમયમાં પ્લેઓફનું ગણિત સ્પષ્ટ થઈ જશે. દરમિયાન, બીસીસીઆઈએ આઈપીએલ ૨૦૨૨ ના સમાપન સમારોહનું આયોજન કરવાની જાહેરાત કરી છે. આ વખતે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં સમાપન સમારોહ યોજાશે. અભિનેતા રણવીર સિંહ અને સંગીતકાર એઆર રહેમાન સિવાય ક્રિકેટ જગતની ઘણી હસ્તીઓ આ કાર્યક્રમમાં ભાગ લેશે.

## અમદાવાદ જગન્નાથ યાત્રા : બે વર્ષ બાદ નગરચર્યાએ નીકળશે જગતના નાથ



અમદાવાદમાં પહેલી જૂલાઈએ ભગવાન જગન્નાથની રથયાત્રા નીકળવાની છે. ત્યારે પોલીસ વિભાગ એલર્ટ થઈ છે. ગૃહમંત્રી હર્ષ સંઘવીએ જગન્નાથ મંદિરની મુલાકાત લીધી.ગૃહમંત્રીની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં શહેર પોલીસ કમિશનર, ક્રાઈમ બ્રાંચના જોઈન્ટ કમિશનર, ટ્રાફિક જેસીપી, સેક્ટર ૧ સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ હાજર રહ્યા હતા. બે વર્ષ બાદ ભગવાન જગન્નાથની રથયાત્રા પરંપરાગત રીતે નીકળવાની છે. ત્યારે મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડશે. જેને લઈ ગૃહવિભાગ અત્યારથી જ સુરક્ષા સહિતના મુદ્દે સતર્ક થયું છે.

# તેલ, મસાલા અને કેરીમાં ભાવ વધારાથી અથાણા મોંઘા બનશે














(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૧૪

ગત વર્ષની સરખામણીએ આ વર્ષે તેલ, મસાલા અને કાચી કેરીના ભાવમાં ૨૫થી ૩૦ ટકા જેટલા ભાવવધારાના કારણે અથાણા બનાવવા મોંઘા પડશે. જુની પેઢી ઘરમાં જ અથાણા બનાવવાનો આગ્રહ રાખે છે. જયારે નવી પેઢી બનાવવાની ઝંઝટમાં પડયા વિના બજારમાંથી તૈયાર અથાણાં ખરીદી કરી લેવાને પ્રાધાન્ય આપે છે. કાચી કેરીનું બજારમાં આગમન થતા ગૃહિણીઓ અથાણા બનાવવામાં વ્યસ્ત બની છે. જૂનાગઢ તાલુકાના એક ખેડુતે જણાવ્યું હતું કે, તેમની વાડીમાં વડીલોપાર્જીત દેશી આંબાના પંદરેક વૃક્ષો છે. હમણા ફાલ ઠીક ઠીક આવ્યો છે. અથાણાની સીઝન શરૂ થતા પચાસેક રૂપિયાના ભાવે છુટક કેરીનું વેચાણ કરવામાં આવે છે.

દાયકાઓ અગાઉ દેશી કેરીનો રસ બનાવવામાં કે ચુસવા માટે ઉપયોગ થતો હતો પણ હવે કેસર કેરીનું આગમન થતા લોકો ખાવા માટે કેસર કેરીને અગ્રતા આપે છે. જેથી દેશી કેરીનું મહત્વ સાવ ઘટી ગયું છે. કરીયાણાના વેપારીએ જણાવ્યું હતું કે, આ વર્ષે અથાણાં બનાવવા માટેની સામગ્રીઓ ગત વર્ષ કરતા ૨૫થી ૩૦ ટકા જેટલો ભાવવધારો છે.

એક ગૃહિણીએ કહયુંહતું કે, દેશી આંબાની કાચી કેરીમાંથી ગોળકેરી, મુરબ્બો, છુંદો, ખાટીમીઠી કટકી જેવા વિવિધ પ્રકારના અથાણા બનાવવામાં આવેછે. સામાન્ય રીતે બજારમાં તૈયાર મળતા અથાણાના બદલે પોતાના ઘરેજ અથાણા બનાવવાની વડીલોની વર્ષો જુની પરંપરા જાળવી રાખી છે. જો કાચી કેરી ન મળે તો નાછુટકે બજારમાં તૈયાર મળતા અથાણાની ખરીદી કરવી પડે છે.

ઉનાળામાં બનતા અથાણા લાંબો સમય સુધી સુર્યના તાપમાં સુકવવામાં આવે છે. ત્યારપછી કાચ અથવા ચીનાઈ માટીની હવાચુસ્ત બરણીમાં ભરી સાચવવામાં આવે છે. અથાણાઓમાં રહેલ ખટાશનો અમ્લિય ગુણ તેમાં જીવાણુઓને થતાં રોકે છે. તેલ તેના સંરક્ષક તરીકે કાર્ય કરે છે. નોંધનીય છે કે, મોંઘવારીના કારણે અથાણા પણ મોંઘા સાબીત થશે.

# પોલીસ મથકમાં થતા અત્યાચારની જાણ રાખવા માર્ગદર્શિકા બનાવો : હાઈકોર્ટ

## ભાવનગરના એક પ્રેમ લગ્નના કિસ્સામાં યુવકની ગેરકાયદેસર અટક કરી માર મારવાના કિસ્સામાં હાઈકોર્ટે આદેશ કર્યો

(પ્રતિનિધિ દ્વારા)

ભાવનગર તા. ૧૪

ભાવનગર જીલ્લાના પાલીતાણા તાલુકામાં જોવા મળેલા લવજેહાદ પ્રકારના એક કેસમાં યુવકને પરત મેળવવા માટે હાઈકોર્ટમાં થયેલી હેબીયસ કોર્પસની અરજીમાં હાઈકોર્ટે રાજય સરકારને આદેશ કર્યો છે કે, દરેક પોલીસ સ્ટેશનમાં સીસીટીવીના સંદર્ભે સુપ્રિમ કોર્ટે માર્ગદર્શન બહાર પાડેલી છે તેનું પાલન કરો. પોલીસ સ્ટેશનમાં માત્ર સીસીટીવી રાખવાના નથી પરંતુ તેમાં ઓડીયો પણ રેકોર્ડ થવો જોઈએ.

હાઈકોર્ટે રાજય સરકારને એ પણ નિર્દેશ આપ્યો છે કે, પોલીસ સ્ટેશનમાં લોકો સાથે થતી મારઝુડ અથવા તો અમાનવીય વર્તનના કેસમાં પોલીસ કર્મચારીઓની સંડોવણી હોય ત્યારે ઉપરી અધિકારીઓને (ખાસ કરીને જીલ્લામાં એસપી અને કમિશ્નરેટ વિસ્તારમાં પોલીસ કમિશ્નરને) જાણ કરવા માટેની માર્ગદર્શિકા બનાવો. આ પ્રકારના કેસમાં જીલ્લા પોલીસવડા સીસીટીવી ફુટેજ જોઈને જવાબદાર પોલીસ અધિકારીઓની ઓળખ કરે. જીલ્લા પોલીસવડા હોવાના નાતે તેમને પોલીસ દ્વારા લોકો ઉપર થતા અત્યાચારની ઘટનાઓની માહિતી હોવી જરૂરી છે.

હાલ આ કેસ ભાવનગર જીલ્લા કોર્ટમાં ચાલી રહયો હોવાથી હાઈકોર્ટ તેમાં દખલ કરશે નહીં. જીલ્લા કોર્ટ જયારે તેનો નિર્ણય જાહેર કરે પછી અરજદાર સંબંધીત કોર્ટમાં ફરીયાદ કરવાની છુટ આપવામાં આવે છે.

સુનાવણી દરમ્યાન હાઈકોર્ટે રાજય સરકારને સવાલો કરેલા છે. પોલીસ સ્ટેશનમાં સીસીટીવી અને તેના ફુટેજ રાખવાના સંદર્ભમાં સરકારની નીતિ શું છે? આ સમયે રાજય સરકારની રજુઆત હતી કે સુપ્રિમ કોર્ટના નિર્દેશ મુજબ રાજયના મોટાભાગના પોલીસ સ્ટેશનમાં સીસીટીવી નાખવામાં આવેલા છે.

દરેક પોલીસ સ્ટેશનના એસએચઓ અને પીએસઆઈ આ સીસીટીવીનું દરરોજ મોનીટરીંગ કરે છે. આ ફુટેજ ૩૦ દિવસ જાળવી રખાય છે. આમ તો છ માસ સુધી જાળવવાના હોય છે. પાલીતાણામાં મુસ્લીમ યુવક અને હિન્દુ યુવતીએ ૧૪ ડીસેમ્બર, ૨૦૨૧ના રોજ લગ્ન કરવા માટે ભાવનગર જીલ્લાના મેરેજ ઓફીસર સમક્ષ ગયેલા. જેથી નિયમ મુજબ તેમણે ૩૦ દિવસની નોટીસ કાઢેલી. આ સમયગાળો પુરો થાય તે પહેલાજ પોલીસ બંનેને લઈને કયાંક જતી રહેલી. જો કે હેબીયસ કોર્પસની અરજી થતા બંનેને છોડી દેવાયેલા. જો કે પોલીસ ઉપર આરોપ છે કે તેમણે યુવકના પરિવારજનોને માર માર્યો છે.



યુવક-યુવતી લગ્ન કરે તે પહેલા જ પોલીસ દ્વારા યુવકને કસ્ટડીમાં લઈ લેતા હાઈકોર્ટમાં હેબીઅસ કોર્પસ રીટ કરાઈ હતી. પોલીસો યુવકનો અને તેના પરિવારજનોને પોલીસ સ્ટેશનમાં ખુબ માર માર્યો હતો. આ અંગે ફરીયાદ કરતા હાઈકોર્ટે પોલીસ સ્ટેશનના સીસીટીવી ફુટેજ રજુ કરવા આદેશ કર્યો હતો. કોર્ટે એવી ટકોર કરી હતી કે, સુપ્રિમ કોર્ટની માર્ગદર્શિકા અનુસાર સીસીટીવી સાથે ઓડીયો રેકોર્ડીંગ પણ રાખવા આદેશ કર્યો છે. પોલીસે એવી દલીલ કરી હતી કે ૩૦ દિવસના ફુટેજ સાચવી રાખવામાં આવે છે. કોર્ટે એવી ટકોર કરી હતી કે ૬ મહિના સુધી ફુટેજ સાચવી રાખવા જોઈએ. હાઈકોર્ટે જીલ્લા પોલીસ વડાને પોલીસ સ્ટેશનમાં માર મારનાર અધિકારીને ઓળખીનો રીપોર્ટ રજુ કરવા આદેશ કર્યો છે. પાલીતાણામાં યુવક અને યુવતી એકબીજાને પ્રેમ કરતા હોવા છતાં અલગ ધર્મના હોવાથી ભાગી ગયા હતા. તેમણે મેરેજ રજીસ્ટ્રાર પાસે લગ્નની નોંધણી કરાવી હતી. ૩૦ દિવસ બાદ નોટીસ કાઢવામાં આવી તે પહેલા પોલીસ યુવક-યુવતીને લઈને જતી રહી હતી અને યુવકને પોલીસ સ્ટેશનમાં માર માર્યો હતો.

# સરકારી હાઈસ્કુલ પસવાડાના વિદ્યાર્થીઓ જીલ્લાકક્ષાએ ખેલ મહાકુંભમાં અવ્વલ આવ્યા



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૪

તાજેતરમાં તા.૧૦-૫-૨૨ના રોજ ચાંપરડા મુકામે યોજવામાં આવેલ જીલ્લા કક્ષાના એથ્લેટીકસ ખેલ મહાકુંભમાં સરકારી હાઈસ્કુલ પસવાડા, તા.ભેંસાણના વિદ્યાર્થીઓ ભાટી કુંતન ઉંચી કૂદમાં સેકન્ડ નંબરે તેમજ ભાટી વૈશાલી ૧૦૦ મી. દોડમાં સેકન્ડ નંબર તથા ભાટી સોનલ લાંબી કૂદમાં ત્રીજો નંબર પ્રાપ્ત કરી ભેંસાણ તાલુકાનું તથા શાળાનું ગૌરવ વધારેલ છે. આ તકે શાળાના આચાર્ય પી.ડી. પરમારે શાળાના કોચ મધુસુદન ધાધરા તેમજ વિદ્યાર્થીઓને અભિનંદન તથા શુભેચ્છાઓ પાઠવે છે. આવતા સમયમાં આ વિદ્યાર્થીઓ રાજયકક્ષાએ પ્રતિનિધિત્વ કરશે.

# સોમનાથ તીર્થમાં આવેલું છે ભગવાન વિષ્ણુના અવતાર એવા નૃસિંહ ભગવાનનું મંદિર



(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય) પ્રભાસ પાટણ તા.૧૪

સમગ્ર દેશ આજે ભકત પ્રહલાદને ઉગારનાર અને ભગવાન વિષ્ણુના અવતાર નૃસિંહ પ્રાગટય-નૃસિંહ જયંતિ ઉજવશે. સોમનાથ-પ્રભાસ પાટણમાં પ્રાચીન વર્ષોથી નૃસિંહ ભગવાનના બે મંદિરો આવેલા છે. સોમનાથ તીર્થના પવિત્ર હિરણ સરીતા તટે ગોલોકધામ અને મહાપ્રભુજીની બેઠકથી આગળ સરીતા તટે ભગવાન નૃસિંહનું દિવ્ય મંદિર આવેલું છે. તેમજ પ્રભાસ ગામમાં પાટય કલામાં પણ ભગવાન નૃસિંહનું પાવનકારી મંદિર વર્ષોથી છે.

# તબીબો વિશ્વના પ્રથમ ગર્ભ પ્રત્યારોપણની તૈયારી કરી રહ્યા છે

# હવે ટ્રાન્સજેન્ડર મહિલાઓ પણ બની શકશે માતા

(દિલ્હી બ્યુરો)

નવી દિલ્હી તા.૧૪

માતા બનવાનું દરેક સ્ત્રીનું સપનું હોય છે. પછી ભલે તે જન્મથી સ્ત્રી હોય કે ટ્રાન્સજેન્ડર સ્ત્રી. જે પુરૂષો પોતાની જાતે સ્ત્રી બની જાય છે તે સ્ત્રીઓ જેવી જ લાગણી રાખશે. તબીબી વિજ્ઞાન શારીરિક દેખાવની ઈચ્છા પૂરી કરે છે. પણ તેમ છતાં ગર્ભનો અભાવ હતો. જે ટૂંક સમયમાં જ દૂર થવા જઈ રહી છે. એક ભારતીય ડોકટર ટ્રાન્સજેન્ડર મહિલાઓની ઈચ્છા સમજી ગયા અને હવે તેને પૂરી કરવાની તૈયારી કરી રહ્યા છે. નવી દિલ્હીના ડો. નરેન્દ્ર કૌશિક વિશ્વના પ્રથમ એવા ડોકટર છે જેમણે ગર્ભપ્રતિયારોપણની પ્રથમ પ્રક્રિયા કરી છે. જે બાદ હવે ટ્રાન્સજેન્ડર મહિલાઓ પણ ગર્ભવતી થઈ શકશે. તે પણ હવે પોતાના બાળકને પોતાના ગર્ભમાં ઉછેરીને જૈવિક માતા બની શકશે. માણસ તરીકે જન્મ લીધા પછી પણ માતા બનવાની ઈચ્છા રાખનારાઓ માટે નવી દિલ્હીના ડો. નરેન્દ્ર કૌશિક ભગવાન સાબિત થઈ રહ્યા છે. ડો. જૈન ટ્રાન્સજેન્ડર મહિલાઓ માટે એવી આશાનું કિરણ લઈને આવ્યા છે, જેના પછી તેમની દરેક ઈચ્છા પૂરી થશે. તે સ્ત્રી તરીકે અધૂરી નહીં રહે. માત્ર લાગણીઓ, વિચારો અને શારીરિક ફેરફારો જ નહીં પરંતુ માતા બનવાનું સપનું પણ પૂરૂ થશે. અત્યાર સુધી બધુ મેળવ્યા બાદપણ ટ્રાન્સજેન્ડર મહિલાઓ માતા બનવાના આનંદથી વંચિત રહી હતી. જે હવે ઈમ્પ્લાન્ટેશન દ્વારા પૂર્ણ થવા જઈ રહી છે. જે બાદ IVF દ્વારા બાળકનો જન્મ થઈ શકે છે. જે રીતે કિડની, હાર્ટ અને અન્ય ટ્રાન્સપ્લાન્ટ થાય છે. એ જ રીતે ઈમ્પ્લાન્ટેશનની પ્રક્રિયા પણ શક્ય બનશે. જો જરૂરી હોય તો તે છે દાતા. દાતા માટે, કોઈ મહિલા અથવા મહિલા જે ટ્રાન્સજેન્ડર પુરૂષ બનવા માંગેછે તેમના મૃત્યુંપછી, તેમના ગર્ભને ટ્રાન્સજેન્ડર મહિલાના શરીરમાં ટ્રાન્સપ્લાન્ટ કરી શકાય છે. જો કે પ્રોફેસર સિમોન ફિશેલનું કહેવું છે કે, ડેનમાર્કમાં એક મહિલાથી બીજી મહિલામાં ગર્ભનું પ્રત્યારોપણ થઈ ચૂક્યું છે, પરંતુ ટ્રાન્સજેન્ડર મહિલા માટે આ પહેલું હશે. ઉપરાંત, ડૉ. કૌશિકના મતે, તે એક આશા છે કે તે ૧૦૦ ટકા સફળ હોવાનો દાવો કરી શકાતા નથી, પરંતુ તે આ કરિશ્મા વિષે સંપૂર્ણ આશાવાદી છે. ટ્રાન્સ વુમનના ગર્ભાશય ટ્રાન્સપ્લાન્ટનો માત્ર એક જ પ્રખ્યાત કિસ્સો સામે આવ્યો છે. પરંતુ ઘણી મુશ્કેલીઓ બાદ થોડા જ મહિનામાં તેમનું અવસાન થયું. ડોકટરના જણાવ્યા અનુસાર ટ્રાન્સપ્લાન્ટની પ્રક્રિયા મહિલાના ગર્ભાશયને ફેલોપિયન ટ્યુબ સાથે સીધી જોડી શકતી નથી, તેથી ઓપરેશન દ્વારા કુદરતી રીતે ગર્ભવતી થવું શક્ય નથી. આ માટે તમારે IVFનો આશરો લેવો પડશે.

# KGF ફેમ યશના પિતા અત્યારે પણ બસ ચલાવે છે, RRRના ડાયરેક્ટર રાજામૌલીએ કર્યો ખુલાસો



(એજન્સી) ચેન્નાઈ તા. ૧૫

કન્નડ ફિલ્મોનો સુપર સ્ટાર યશ KGF ફિલ્મબાદ ઈંડસ્ટ્રીમાં છવાયેલો છે. કેજીએફના બંને ભાગ સુપરહિટ સાબિત થયા છે. કેજીએફ ચેપ્ટર ૨ ફિલ્મે તો કમાણીમાં ઘણા મોટા રેકોર્ડ પણ બનાવ્યા છે અને તે ભારતીય ફિલ્મ જગતની સૌથી વધુ કમાણી કરનારી બીજી ફિલ્મ બની ગઈ છે. કેજીએફના સુપર સ્ટાર યશ માટે ઈંડસ્ટ્રીમાં પોતાનું સ્થાન બનાવવું સહેલું કામ નહોતું. યશે આ મુકામ ઉપર પહોંચવા માટે ઘણી સ્ટ્રગલ કરી છે. યશ એક સમાન્ય વર્ગના પરિવારમાંથી આવે છે. હવે યશના પરિવાર વિષે એકચોંકાવનારી માહિતી સામે આવી છે. RRR અને બાહુબલની ડાયરેકટર એસએસ રાજામૌલીએ યશના પિતા વિષે એક નવો ખુલાસો કર્યો છે. એસએસ રાજામૌલીએ એક ઈંટરવ્યુમાં કન્નડ એક્ટર યશના જીવન વિશે વાતચીત કરી હતી. તેમણે જણાવ્યું કે, યશના પિતા અરૂણ કુમાર વિશે સાંભળીને હુંપણ ચોંકી ગયો હતો કે યશના પિતા વ્યવસાયે એક બસ ડ્રાઈવર છે અને હજીપણ તે કામ કરે છે. મને જણાવવામાં આવ્યું કે, યશના પિતા આજે પણ બસ ડ્રાઈવરના રૂપે કામ કરે છે. મારા માટે યશના પિતા અસલી સ્ટાર છે. યશ સુપર સ્ટાર બની ગયો છે છતાં પણ તેના પિતા બસ ડ્રાઈવિંગનું કામ કરે છે. યશે વર્ષ ૨૦૧૬માં રાધિકા પંડિત સાથે લગ્ન કર્યા હતા. તેમને બે બાળકો પણ છે આયરા અને યશર્વ. યશ પોતાના પરિવાર સાથેના ફોટો સોશ્યલ મીડિયા ઉપર શેર કરતા રહે છે. યશની કેજીએફ ફિલ્મ બાદ તે ભારતમાં જાણીતો બન્યો છે. હાલ કેજીએફ ચેપ્ટર ૨ કમાણીના નવા કિર્તીમાન સ્થાપિત કરી રહી છે.

# આયુષ્યમાન કાર્ડ ધારક માટે દેશભરમાં સમાન ભાવે ઈલાજ થશે

## હેલ્થકેર ઈન્ડસ્ટ્રીના મોટા માથા સાથે કેન્દ્રીય આરોગ્ય મંત્રી માંડવીયાની બેઠકમાં નિર્ણાયક ચર્ચા

(એજન્સી)

નવી દિલ્હી તા. ૧૪

મોદી સરકારની મહત્વાકાંક્ષી આયુષ્યમાન ભારત યોજનામાં ખાનગી હોસ્પીટલોને જોડવાના ભાગરૂપે આરોગ્ય મંત્રાલય સારવારના દરોને હોલસેલ પ્રાઈસ ઈન્ડેક્ષ (ડબલ્યુપીઆઈ) સાથે લીંક કરવા માટેનું આયોજન કરી રહયું છે. ગુરૂવારે હેલ્થકેર ઈન્ડસ્ટ્રીના મોટા માથાઓ સાથે કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખભાઈ માંડવીયાની મીટીંગમાં આ અંગે ચર્ચા થઈ હતી. જેમાં ટોચની હોસ્પીટલોના એક સિનીયર પ્રતિનિધિએ કહયું કે, સરકારનો ઉદેશ બહુ સ્પષ્ટ છે. તે આયુષ્યમાન યોજના સાથે વધુને વધુ હોસ્પીટલોને જોડવા માંગે છે જેથી વધુને વધુ લાભાર્થીઓને અપાતી સારવારનો વ્યાપ વધારી શકાય. આનાથી ક્રીટીકલ સારવાર લેવા ઈચ્છતા દર્દીઓને વધારે વિકલ્પો મળી શકે. મીટીંગમાં એ પણ ચર્ચા થઈ હતી કે હેલ્થ ઈન્ડસ્ટ્રીના અત્યારે ૬૦૦ કરોડ રૂપિયાનું પેમેન્ટ સીજીએચ દ્વારા કરવાનું બાકી છે તેના અંગે ખાત્રી અપાઈ કે આ પેમેન્ટ કલેઈમ રજુ કર્યાના ૪૫ દિવસમાં ચુકવી આપવામાં આવશે. સરકારની ઈએસઆઈસી, સીજીએસએસ, ઈસીએચએસ વગેરે યોજનાઓને મર્જ કરીને એક પ્લેટફોર્મ પર લાવવા માટેની યોજના અંગે પણ આ મીટીંગમાં ચર્ચા થઈ હતી. સરકારના ઉચ્ચ અધિકારીઓએ ઈન્ડસ્ટ્રીને પોતાની બિઝનેશ સ્ટ્રેટેજીમાં ઓછી કિંમતે વધારે ધંધાના આ નવા દ્રષ્ટીકોણ ઉપર ધ્યાન આપવા બાબતે વિચારવા કહયું હતું.

## કેરળમાં દુર્લભ વાયરલ ટોમેટો ફિવરના કેસ વધ્યા

# કોલ્લમ જિલ્લા અને આસપાસ ૮૦થી વધુ બાળકો ટોમેટો ફિવરનો શિકાર

## પાડોશી રાજય કર્ણાટકમાં પણ હાઈ એલર્ટ જેવી સ્થિતિ, તમિલનાડુ બોર્ડર પાસે મુસાફરોના ટેસ્ટ કરવાનો આદેશ

બેંગ્લોર, તા.૧૪

કેરળ રાજયમાં અત્યારે દુર્લભ વાયરલ બીમારી ટોમેટો ફીવર અથવા ટોમેટો ફલુના કેસ વધી રહ્યા છે જેના કારણે પાડોશી રાજય કર્ણાટકમાં પણ હાઈ એલર્ટ જેવી સ્થિતિ જોવા મળીહતી. બુધવારના રોજ કેરળ બોર્ડર પાસેના જિલ્લાઓમાં તપાસહાથ ધરવામાં આવી હતી. બોર્ડર પાસેના જિલ્લાઓના ડિસ્ટ્રિક્ટ હેલ્થ ઓફિસર્સ (ડીએચઓ)ને આદેશ આપવામાં આવ્યો હતો કે ખાનગી અને સરકારી મેડિકલ સંસ્થાનોમાં ઓપીડી વિભાગમાં આવતા દર્દીઓ ઉપર સતત નજર રાખવામાં આવે. સ્વાસ્થ્ય વિભાગના કર્મચારીઓ દ્વારા પ્રાપ્ત જાણકારી અનુસાર, કેરળ રાજ્યના કોલ્લમ જિલ્લામાં અને તેની આસપાસના વિસ્તારોમાં ૮૦ કરતા વધારે બાળકો ટોમેટો ફીવરનો શિકાર બન્યા છે. સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના કર્મચારીઓ જણાવે છે કે, ગણતરીના દિવસોમાં કેરળના વિવિધ વિસ્તારોમાં ૮૦ કરતા વધારે બાળકોમાં આ બીમારી સામે આવી હતી. એકાએક જ આ બીમારીના કેસની સંખ્યામાં વધારો જોવા મળ્યો છે. એક ઉચ્ચ અધિકારી જણાવે છે કે, પાંચ વર્ષથી ઓછી ઉંમરના લગભગ ૮૦થી વધારે બાળકો આ બીમારીનો શિકાર બન્યા છે અને આ આંકડો વધવાની શક્યતા છે. તમિલનાડુ બોર્ડર પાસેપણ મુસાફરોના ટેસ્ટ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. તમામ આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને ચકાસવા માટે કેરળસરકાર દ્વારા ૨૪ સભ્યોની એક ટીમ તૈયાર કરવામાં આવી છે. આ દુર્લભ વાયરસને ધ્યાનમાં રાખીને કર્ણાટકના સ્વાસ્થ્ય મંત્રી ડોકટર કે. સુધાકરે સ્વાસ્થ્ય અધિકારીઓ સાથે મુલાકાત કરી હતી અને તેમને જરૂરી આદેશો આપ્યા હતા. અમારા સહયોગી ટાઈમ્સ ઓફ ઈન્ડિયા સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યું કે, પ્રાથમિક રિપોર્ટ્સ અનુસાર મોટાભાગના કેસ કેરળમાં આર્યનકાવુ, અંચલ અને નેદુવાથુર વિસ્તારમાં નોંધાયા છે. સાવધાનીના ભાગ રૂપે અમે કેરળથી કર્ણાટક આવતા મુસાફરો પર નજર રાખીશું. આ સિવાય રાજ્યની ઓપીડીઓમાં આ બીમારીના લક્ષણો વાળા બાળકો આવે તેના ઉપર પણ ધ્યાન રાખીશું. આ સિવાય તેમણે ખુલાસો કર્યો કે, ટોમેટો ફીવરને કોરોના વાયરસ સાથે કોઈ લેવા દેવા નથી. લોકોએ વધારે પરેશાન થવાની કે ડરવાની જરૂર નથી.

ટોમેટો ફિવરના લક્ષણો- આ એક દુર્લભ વાયરલ બીમારી છે. આ બીમારીનો શિકાર દર્દીને લાલ રંગના ચામઠા પડી જાય છે, ચામડી ઉપર ખંજવાળ આવે છે, ડિહાઈડ્રેશન થઈ જાય છે. પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં આ બીમારી ખાસ જોવા મળે છે. પીડિત બાળકોની ચામડી ઉપર ટમેટાની જેમ લાલ રંગના નિશાન પડી જતા હોવાને કારણે તેને ટોમેટો ફીવર નામ આપવામાં આવ્યું છે. આ સિવાય તાવ આવવો, શરીરમાં દુખાવો, સાંધામાં સોજો આવવો, વગેરે આના લક્ષણો છે. આના લક્ષણો ચિકનગુનિયા જેવા જ છે. ડોક્ટરો સલાહ આપી રહ્યા છે કે, બાળકોને પ્રવાહીનું સેવન કરાવતા રહો, આ સિવાય સ્વચ્છતાનું ખાસ ધ્યાન રાખવામાં આવે.

# ગીર જંગલમાં બનેલી ઘટના : વનરાજની મસ્તી ભારે પડી, કપિ રાજનો શિકાર કરતા સિંહ

## વાનરોનાં ટોળાએ સુતેલા સિંહને છંછેડી અને આફત વહોરી લીધાનો વિડીયો વાયરલ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૪

ગીરના જંગલમાં ભાગ્યે જ બનતી ઘટના હાલ કેમેરામાં કેદ થઈ છે. વીડિયોમાં જોઈ શકાય છે કે, વાનરોનું એક ટોળુ મસ્તીએ ચડયું હતું, પરંતુ તેમને એ કયાં ખબર હતી કે, તેમને આ મસ્તી ભારે પડશે. વાનરોના આ ટોળાએ સુતેલા સિંહની મસ્તી કરી હતી, જેનાથી અકળાઈ સાવજે કપિરાજને એક ઝાટકે જ પતાવી દીધો હતો. વાનરોના ભાગ્યે જ શિકાર કરતા સિંહે એક જ ઝાટકે કપિરાજને પતાવી દેતા વન તંત્ર પણ અચરજમાં મુકાયું હતું. કહેવત છે કે, સિંહ કભી ઘાસ નહિ ખાતા, ત્યારે ગીરના જંગલમાં સિંહના ઘાસ ખાતા દ્રશ્યો પણ જોવા મળ્યા છે. ત્યારે ફરી એકવાર ગીર જંગલમા અદભૂત ઘટના બની છે. કયારેય વાંદરાનો શિકાર ન કરનાર સિંહે એક ઝાટકે કપિરાજને કાપી નાંખ્યો હતો. જેનો પુરાવા રૂપે વીડિયો પણ સામે આવ્યો છે. સાસણ ગીર જંગલમાં ભાગ્યે જ જોવા મળતી ઘટના સામે આવી છે. ગીરના સાવજે કપિરાજનો શિકાર કર્યો છે. આ ઘટના ગીર અભયારણના કમલેશ્વર ડેમ જવાના રસ્તે રૂટ નંબર-૪ ઉપર બની હતી. સામાન્ય રીતે સિંહ કોઈ દિવસ કપિરાજનો શિકાર નથી કરતો, પરંતુ કપિરાજની મસ્તીથી અકળાયેલા સાવજે કપિરાજનો શિકાર કરી નાંખ્યો હતો. બન્યું એમ હતું કે, જંગલમાં કપિરાજનું ટોળું મસ્તીએ ચડયું હતું અને વનના રાજાની પણ મસ્તી કરી હતી, પરંતુ કપિરાજને આ મસ્તી ભારે પડી ગઈ હતી. વનના રાજાને ખલેલ પહોંચતા અકળાયેલા સાવજે એક ઝાટકે કપિરાજનો શિકાર કર્યો હતો. આ ઘટનાનો વીડિયો હાલ સોશ્યલમીડિયામાં ખૂબ વાયરલ થયો છે. સિંહના શિકારની ઘટના ૧૨ મેના રોજ બની હોવાનું કહેવાય છે. ગીર અભયારણમાં ટ્રેકર તરીકે ફરજ બજાવતા રહીમ મુરાદ બ્લોચે આ ઘટના નજરે જોઈ હતી અને પોતાના કેમેરામાં કેદ કરી હતી. ત્યારે આ વીડિયો હાલ ગીરમાં ચર્ચાના ચગડોળે ચઢ્યો છે.

# જૂનાગઢમાં વેપારી ઉપર તલવાર, છરીથી જીવલેણ હુમલો : ૬ શખ્સો વિરૂધ્ધ પોલીસ ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧૪

જૂનાગઢ શહેરમાં ગઈકાલે બનેલા એક બનાવમાં સીરામીકનાં વેપારીએ પેટ્રોલ ચોરી પકડવા સીસીટીવી ચેક કર્યા બાદ આડાસંબંધનો પર્દાફાશ થતાં ઝઘડો થયાનો ખાર રાખી અને આરોપીઓએ વેપારી ઉપર તલવાર, છરી વડે જીવલેણ હુમલો કરતા પોલીસ ફરીયાદ નોંધાઈ છે. આ બનાવ અંગે તાલુકા પોલીસે આપેલી વિગત અનુસાર જૂનાગઢનાં નંદનવન એપાર્ટમેન્ટ બી-૩૦૧, શ્રીનાથપાર્ક ઝાંઝરડા ગામ ખાતે રહેતા અને મધુરમ બાયપાસ ઉપર નોબલ સીરામીક નામે લાદી અને ટાઈલ્સનો વેપાર કરતા હીરેન ચીમનભાઈ ભૂત (ઉ.વ.૪૨) ગઈકાલે રાત્રે ૯.૦૦ કલાકે પોતાની દુકાન બંધ કરીને બાઈક ઉપર ઘર તરફ જતા હતા ત્યારે શ્રીનાથજી પાર્ક પાસે પુલ ઉપર પહોંચતા કાળા કલરની કારમાં આવેલા પાંચ શખ્સોએ હીરેનભાઈને ઘેરી લીધા હતા જેમાં વેરાવળનાં એડવોકેટ નીગમ જેઠવા સહિત પાંચ શખ્સોનાં હાથમાં તલવાર અને છરી જેવા હથિયારો હતા અને હુમલો કરતા હીરેનભાઈ ગંભીર રીતે ઘાયલ થઈ દોડીને આગળ જતા રહયા હતા અને ઘવાયેલા આ વેપારીને સારવાર માટે જૂનાગઢ હોસ્પીટલ બાદ વધુ સારવાર માટે રાજકોટ ખાનગી હોસ્પીટલમાં ખસેડવામાં આવેલ છે. ગઈકાલે મોડીરાત્રે હીરેનભાઈ ભુતનું નિવેદન લઈ પોલીસ ફરીયાદ નોંધી છે જેમાં નીગમભાઈ જેઠવા રહે. વેરાવળ, મો.૮૧૨૮૪૬૮૫૦૨ થી ફોન કરનાર મુસ્તાક તથા ચાર અજાણ્યા શખ્સો વિરૂધ્ધ નોંધાવેલી ફરીયાદમાં જણાવેલ છે કે, ફરીયાદીનાં એપાર્મેન્ટમાં અગાઉ પોતાની મોટરસાયકલમાં પેટ્રોલ ઓછું થતું હોય તેથી એપાર્ટમેન્ટમાં રહેલ સીસીટીવી ફૂટેજ ચેક કરતા એપાર્ટમેન્ટમાં રહેતા એક પરીવારનાં ઘરે આરોપી નીગમભાઈ જેઠવા ઘરના મુખ્ય માણસની ગેરહાજરીમાં આવતા જતા હોવાનું અને મહિલા સાથે અફેર હોવાની વાત એપાર્ટમેન્ટનાં સીસીટીવી ફૂટેજ જોતા જાહેર થઈ હતી અને આ અંગે નીગમભાઈને જાણ થતાં આ મનદુઃખનાં કારણે આરોપી નં.રનાંએ ફરીયાદીને ફોન ઉપર ધમકી આપી તથા નીગમભાઈ જેઠવા તથા તેની સાથેનાં પાંચ શખ્સોએ ગેરકાયદેસર મંડળી રચી ટિયાગો ગાડીમાં આવી તલવાર તેમજ છરી જેવા હથિયારો ધારણ કરી જીવલેણ હુમલો કરી ઈજા પહોંચાડેલ છે. નીગમભાઈ ફરીયાદીને બિભત્સ શબ્દો કહી તલવાર વડે હુમલો કરી ફરીયાદીનો હાથ તથા પગની નસો કાપી તેમજ અન્ય આરોપીઓએ પણ તલવાર અને છરી જેવા હથીયારો વડે ઈજા પહોંચાડી હોવાની ફરીયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપી વિરૂધ્ધ કલમ ૩૦૭, ૩૨૪, ૨૯૪(ખ), ૫૦૬, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ જીપીએકટ ૧૩૫ મુજબ ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ તાલુકા પોલીસ ચલાવી રહી છે.

# રાજ્યના નાગરિકોને ગુણવત્તાયુક્ત મરચું, હળદર, ધાણા પાઉડર જેવાં મસાલાઓ મળી રહે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ : ફુડ સેફટી કમિશ્નર એચ.જી. કોશીયા

## મસાલામાં ભેળસેળ કરતાં તત્વોમાં ફફડાટ : અંકલેશ્વર અને નવસારી ખાતે મસાલાઓના ઉત્પાદકો તથા વેંચાણકર્તાઓને ત્યાં ખોરાક અને ઔષધ નિયમન તંત્રના દરોડા

ગાંધીનગર તા.૧૪

ગુજરાત રાજ્યના નાગરિકોને ગુણવત્તાયુક્ત મરચું, હળદર, ધાણા પાઉડર જેવાં મસાલાઓ મળી રહે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે તેમ ફુડ સેફટી કમિશ્નર એચ.જી. કોશીયાએ જણાવ્યું હતું. ખોરાક અને ઔષધ નિયમન તંત્રની યાદીમાં જણાવ્યાનુંસાર રાજ્યમાં મરચું, હળદર, ધાણા પાઉડર જેવાં મસાલાઓની સીઝન ચાલે છે ત્યારે નાગરિકોને મસાલાઓ ભેળસેળ મુક્ત મળે તે જરૂરી છે. ખોરાક અને ઔષધ નિયમન તંત્રને મળેલ બાતમીના આધારે તંત્ર દ્વારા અંકલેશ્વર ખાતે મરચા પાઉડરની તપાસ કરવામાં આવી હતી. આ મરચું પાઉડર હલકી કક્ષાનું તેમજ ઉત્પાદક તરીકે ગુજરાત બહારનું સરનામું દર્શાવેલ હોવાથી આ મરચામાં ભેળસેળની પ્રબળ શંકા જણાઈ હતી. જેથી મે.પન્ના સેલ્સ એજન્સી, અંકલેશ્વર ખાતેથી "શ્રી સ્પેશ્યલ" બ્રાન્ડનું મરચું પાઉડરનો નમુનો લેવામાં આવ્યો હતો. બાકીનો ૬૯ કિલો (રૂા.૬૯૦૦) જથ્થો સ્થળ ઉપર જપ્ત કરવામાં આવ્યો છે. આ પેઢી ખાતે આ મરચું પાઉડર મે.જૈન મસાલા પ્રોડકટસ, નવસારી દ્વારા સપ્લાય કરવામાં આવ્યું હોવાની હકિકત ધ્યાને આવતાં ફુડ સેફટી કમિશ્નરની ફુડ ટીમે તાત્કાલિક નવસારી ખાતે મે.જૈન મસાલા પ્રોડકટસ ઉદ્યોગનગર, નવસારી પહોંચીને મોડી સાંજે તપાસ હાથ ધરી હતી.



આ ઉત્પાદક પાસેથી મરચું પાઉડર, હળદર પાઉડર અને ધાણા પાઉડરના કુલ ત્રણ નમૂનાઓ ફુડ સેફટી એકટ મુજબ લેવામાં આવ્યા હતા અને બાકીનો જથ્થો ૨૦૩૪ કિલો સ્થળ ઉપર કાયદા મુજબ જપ્ત કરવામાં આવ્યો હતો. આમ ૪ નમૂનાઓ લઈ કુલ ૨૧૦૩ કિલો (રૂા.૨,૩૩,૬૬૦) સ્થળ ઉપર જપ્ત કરવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, નમૂનાઓના પૃથ્થકરણ અહેવાલ મળ્યાં બાદ આગળની કાયદેસરની કાર્યવાહી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવશે તેમ યાદીમાં વધુમાં જણાવાયુંછે.

# જૂનાગઢમાં તમંચા સાથે એક શખ્સ ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧૪

જૂનાગઢમાં આવેલ જુના ટીવી સ્ટેશન પાસેનાં ગ્રાઉન્ડ નજીકથી એક શખ્સને તમંચા સાથે ઝડપી લેવામાં આવેલ છે. એસઓજી પોલીસે લખમણભાઈ ભીમાભાઈ હુણને દેશી હાથ બનાવટનો તમંચો નંગ-૧ રૂા. ૧૦,૦૦૦નાં મુદામાલ સાથે ઝડપી લીધેલ છે અને આ તમંચો તેમણે મકા નાથા લાડક રહે. શાપુરવાળા પાસેથી મેળવ્યો હોવાનું બહાર આવેલ છે. પોલીસે હથીયારધારા ભંગ અંગે આ બંને શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢમાં છરી વડે હુમલો : બે સામે ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧૪

જૂનાગઢમાં નરસિંહ વિદ્યા મંદિરની સામે ખત્રી વાડા, સરફરાજ મંઝીલ ખાતે રહેતા સલીમભાઈ અલારખાભાઈ શેખ (ઉ.વ.૫૦)એ આમીરખાન હમીદખાન તુર્ક પઠાણ, શીફાનભાઈ હમીદખાન તુર્ક પઠાણ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે આ કામનાં આરોપીઓએ ફરીયાદીનાં ઘરે આવી ફરીયાદીનાં પત્ની પાસે આ કામનાં આરોપીનાં પત્ની શબાનાબેનનાં મરણનો દાખલો માંગી અને બિભત્સ શબ્દો કહી અને ફરીયાદી તથા તેનાં પત્નીને ઢીકાપાટુનો માર મારી તેમજ આરોપી નં.૧નાએ છરી વડે પગમાં ઈજા પહોંચાડયાની ફરીયાદ પોલીસમાં નોંધાવતા એ ડીવીઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢમાં ૩ મોબાઈલ તથા બ્લુટૂથની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧૪

ધોરાજીનાં માતાવાડી પ્લોટમાં રહેતા રાજેશભાઈ ધીરૂભાઈ વાગડીયાએ અજાણ્યા શખ્સ વિરૂધ્ધ એવી ફરીયાદ નોંધાવી છે કે, જૂનાગઢ બસસ્ટેશન નજીકથી કોઈ અજાણ્યા શખ્સે ફરીયાદી તથા સાહેદોનાં અલગ અલગ કંપનીનાં મોબાઈલ નંગ-૩ તથા બ્લુટૂથ વગેરે મળી કુલ રૂા. ૪૩,૩૯૯નાં મોબાઈલની ચોરી કરી ગયાની ફરીયાદ પોલીસમાં નોંધાવેલ છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# કેશોદનાં કરેણી ગામે અકસ્માત સર્જી મોત નિપજાવ્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧૪

કેશોદ તાલુકાનાં કરેણી ગામે અજાબ રોડ ઉપર બનેલા એક બનાવમાં શેરગઢ ગામનાં નાથાભાઈ ખાખાભાઈ મકવાણા (ઉ.વ.૬૦)એ જીજે-૧૧-૦૧૧૮નાં ચાલક વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે આરોપીએ પોતાના હવાલાની મોટર સાયકલ બેફિકરાઈથી ચલાવી ફરીયાદીની મોટર સાયકલને પાછળથી ભટકાડી અને ફરીયાદીનાં પત્ની જયાબેનને પછાડી દઈ ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નિપજાવી નાસી છુટયાની ફરીયાદ પોલીસમાં નોંધાવતા કેશોદ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢમાંથી ૨૩ બોટલ ઈંગ્લીશ દારૂ ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૪ : જૂનાગઢ ક્રાઈમ બ્રાંચ દ્વારા ગીરનાર દરવાજા રોડ, ફાયર સ્ટેશન નજીકથી જાહેર રોડ ઉપરથી બે શખ્સોને મોટર સાયકલ નં. જીજે-૦૩-એચએન - ૩૭૦૮માં અલગ અલગ બ્રાન્ડની ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂની બોટલ નંગ-૨૩, મોબાઈલ ફોન-૪, વગેરે મળી કુલ રૂા. ૪૫,૨૦૦નાં મુદામાલ સાથે ઝડપી લીધેલ છે. જયારે અન્ય એક શખ્સ નહી મળી આવતા કુલ ત્રણ સામે ગુનો દાખલ કરવામાં આવેલ છે.


દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે


સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

બ્લોક વેચવાનો છે
હાઉસીંગ બોર્ડ, એમઆઈજી નીચેનાં માળે બ્લોક કસમાં વેચવાનો છે
સારૂ લોકેશન-પાડોશ
મો. ૯૯૭૯૪ ૩૯૭૮૫

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
● સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
● જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોકમાં
● આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે જ સંપર્ક સાધવો



ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫૫૨૦૫૫

મકાન વેચવાનું છે
બે નાના કુટુંબનો સમાવેશ થઈ શકે તેવું ફિકસ ફર્નિચર સાથે, ફુલ હવા ઉજાસ વાળુ મકાન વેચવાનું છે.
હોમગાર્ડ ઓફીસ પાછળ, જૂનાગઢ.
: સંપર્ક :
મો. ૯૯૯૮૩ ૨૬૯૩૪

મોબાઈલ... મોબાઈલ..
પ્રી-પેઈડ કાર્ડ, પોસ્ટપેઈડ કનેકશન, રીચાર્જ કુપન તેમજ દરેક કંપનીનાં મોબાઈલ, બેટરી, ચાર્જર, કવર વગેરે એસેસરીઝ માટે
શ્રી જલારામ ટેલીકોમ
વણઝારી ચોક, જૂનાગઢ
મો. ૯૮૨૫૪ ૬૧૧૦૦

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જૂનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

અમારી બીજી બ્રાંચ ઝાંઝરડા રોડ ગાયત્રી સ્કુલની સામે
સ્વાદનો ચટકો !
અમારે ત્યાંથી
● પાણીપુરી ● મસાલાપુરી ● દહીપુરી ● સેવપુરી ● ભેળ ● દાબેલી ● દિલ્હી ચાટ ● લસણીયા બટેટા ● સમોસા રગડો ● રગડા પેટીસ ● બાસ્કેટ ચાટ
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
જલારામ પાણીપુરી
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

૪૮ વર્ષ થયા એક જ નામ
વિજય ઘી ડીપો
ચૈત્ર નવરાત્રી મહીના નિમિતે શુધ્ધ ગાયનું ઘી આવી ગયેલ છે
વિજય ઘી ડીપો
ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન : ૨૬૨૫૧૨૩

૧૫ વર્ષનો અનુભવ ધરાવતાં... વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, K.S.T., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર
હરસ, મસા, ફિશર, ભગંદર ઓપરેશન વગર આયુર્વેદ પદ્ધતિથી સારવાર...
વા-સાંધાના સ્નાયુના દુઃખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીના રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર....
સમય :- સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી...
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ.

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
આઈસ્ક્રીમ
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

પવિત્ર રમઝાન મહિના નિમિત્તે
બ્રેડ, પાવ તથા નાન રોટી એકદમ તાજી મળશે
નારાયણ બેકરી
સુખનાથ ચોક
વંદના બેકરી
તળાવ દરવાજા
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨


Editor, Printer, Publisher and Owner : Kartik R. Upadhyay, Saurashtra Bhoomi, Daily. Volum 46, Issue 127, Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, Gujarat. Printed at Somnath Printers, Jail Road, Junagadh, Gujarat India